**આજનો સુવિચાર**

જગતને જોવા માટે આંખ હોવી અનિવાર્ય છે, પણ શું જોવા જેવું છે અને શું નથી જોવું તેના માટે દ્રષ્ટિ જોઈએ!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૬ જૂનાગઢ તા.૧૮-૦૯-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 236, Junagadh : Date : 18 September, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# જમ્મુ-કાશ્મીરમાં આજે પ્રથમ તબકકાની ચૂંટણી : પ્રારંભીક કલાકોમાં ૨૦ ટકા મતદાન

## કલમ-૩૭૦ની નાબુદી અને ૧૦ વર્ષનાં અંતરાલ બાદ આજે યોજાઈ રહેલી વિધાનસભાની ચૂંટણીનાં પ્રથમ તબકકામાં ૨૪ બેઠકો પર મતદાન : તમામ બેઠકો પર બહુપાંખિયો જંગ : મતદાન મથકોએ લાંબી લાઈનો જોવા મળી



નવી દિલ્હી તા. ૧૮

૧૦ વર્ષ બાદ જમ્મુ-કાશ્મીરમાં આજે વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. લોકો મતદાન કરવા માટે મોટી સંખ્યામાં મતદાન મથકો પર પહોંચી રહ્યા છે. આજે, પ્રથમ તબક્કા હેઠળ, ૨૩.૨૭ લાખથી વધુ મતદારો ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરી રહયા છે. ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે ૭ જિલ્લાની ૨૪ વિધાનસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. તેમાં કાશ્મીરના અનંતનાગ, પુલવામા, શોપિયાં અને કુલગામ અને જમ્મુ વિભાગના ડોડા, રામબન અને કિશ્તવાર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આજે મહેબૂબા મુફતીની પુત્રી ઈલ્તીજા મુફતીની પણ પ્રથમ પરીક્ષા હશે. તે પ્રથમ વખત ચૂંટણીના રાજકારણમાં ઉતરવા જઈ રહી છે. જમ્મુ-કાશ્મીરની ચૂંટણીમાં એક તરફ ભારતીય જનતા પાર્ટી છે તો બીજી તરફ નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ પાર્ટીગઠબંધન કરીને ચૂંટણી લડી રહી છે. પીડીપીએ આ ચૂંટણીઓ કોઈપણ પક્ષના સમર્થન વિના એકલા હાથે લડી છે.

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીની જંગ ભાજપ, કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ (એલાયન્સ), પીડીપી વચ્ચે છે. ભાજપે જમ્મુની તમામ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે, તો બીજી તરફ કાશ્મીરમાં માત્ર થોડા જ ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ - એનસી સાથે ગઠબંધનમાં છે અને તેણે મોટાભાગના ચહેરાઓને જમ્મુ ક્ષેત્રમાં ઉતાર્યા છે. મહેબૂબા મુફતીની પીડીપી બંને બેઠકો પર ચૂંટણી લડી રહી છે. આ ઉપરાંત અન્ય નાની પાર્ટીઓએ પણ સ્પર્ધાને રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે.

જમ્મુ - કાશ્મીર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની પ્રથમ તબક્કા માટે સાત જિલ્લાની કુલ ૨૪ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. સવારે ૧૧ વાગ્યા સુધી ૨૦ ટકા મતદાન નોંધાયું છે. કિશ્તવાડમાં સૌથી વધુ ૨૦.૮૩ ટકા અને પુલવામામાં સૌથી ઓછું ૧૯ ટકા મતદાન નોંધાયું હતું. આ તબક્કામાં ૨૧૯ ઉમેદવારોનું ભાવિ મતદારો નક્કી કરશે. પ્રથમ રાઉન્ડમાં જયાં મતદાન થઈ રહ્યું છે તેમાં અનંતનાગની સાત બેઠકો, પુલવામામાં ચાર, કિશ્તવાડ, કુલગામ અને ડોડામાં ત્રણ-ત્રણ અને રામબન અને શોપિયાં જિલ્લાની બે-બે બેઠકોનો સમાવેશ થાય છે.

## તેલંગાણામાં વિશ્વનાં સૌથી મોંઘા ગણેશ લાડુની હરરાજી : કિંમત રૂા.૧.૮૭ કરોડ

હૈદરાબાદતા.૧૮

તેલંગાણાના રંગારેડ્ડી જિલ્લામાં વિશ્વના સૌથી મોંઘા 'ગણેશ લાડુ'ની હરાજી કરવામાં આવી છે. બંદલાગુડા જાગીરમાં કીર્તિ રિચમન્ડ વિલા ખાતે ગણેશ ચતુર્થીની ઉજવણીની સમાપ્તિ પહેલાં એક ભવ્ય ગણેશ લાડુની હરાજી કરવામાં આવી હતી. મૂર્તિના વિસર્જન પહેલા યોજાયેલી હરાજીમાં આ લાડુની કિંમતે રેકોર્ડ તોડયો હતો. ગણેશ લાડુની હરાજી ૧.૮૭ કરોડ રૂપિયામાં થઈ હતી અને ગયા વર્ષે તેની ૧.૨૬ કરોડ રૂપિયામાં હરાજી થઈ હતી. આ હરાજીમાં ૧૦૦ સભ્યોએ ભાગ લીધો હતો. તે દરેક ૨૫ સભ્યોના ચાર જૂથોમાં વહેંચાયેલું હતું. હવે આ જૂથ દ્વારા આપવામાં આવતી રકમ રાજ્યની છાત્રાલયોમાં રહેતા ગરીબ વિદ્યાર્થીઓ અને સમાજના અન?ય જરૂરિયાતમંદ વર્ગો સહિત વંચિત વર્ગના વિકાસ માટે ટ્રસ્ટ દ્વારા દાન કરવામાં આવશે.

## જુના ભાવે જ ખાદ્ય તેલ વેચવા સરકારની સૂચના

નવી દિલ્હી તા.૧૮

કેન્દ્ર સરકારે આયાત જકાતમાં ધરખમ વધારો કર્યાને પગલે ખાદ્યતેલોનાં ભાવો સળગ્યા છે અને કિલોએ ૧૫ થી ૨૦ રૂપિયાનો ભાવ વધારો થઈ ગયો છે.જયારે કેન્દ્ર સરકારે ખાદ્યતેલ ઉત્પાદન કંપનીઓએ જુના સ્ટોકનો માલ જુની કિંમતે જ વેચવાની સુચના આપી છે. ઘરઆંગણે તેલીબીયા ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે ખાદ્યતેલોની આયાત જકાતમાં ૨૦ થી ૨૨ ટકાનો વધારો કર્યો હતો. ભારત વાર્ષિક જરૂરીયાતોનું ૭૦ ટકા ખાદ્યતેલ આયાત કરે છે. ત્યારે ઘર આંગણે ઉત્પાદન વધારીને આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો આશય છે. આ પગલાની તાત્કાલીક અસર હેઠળ ભાવમાં મોટો વધારો થયો હતો.

## હાઈ-વેની જાળવણી નહી કરનાર કોન્ટ્રાકટરોને બ્લેકલિસ્ટ કરાશે

નવી દિલ્હી,તા.૧૮

દેશભરમાં અનેક ભાગોમાં રસ્તાઓની ખરાબ-ભંગાર હાલત સામે પરિવહન મંત્રી નીતીન ગડકરીએ કોન્ટ્રાકટરોને ચેતવણી આપી છે. રસ્તાઓનું યોગ્ય મેઈનટેનન્સ ન કરવા બદલ કોન્ટ્રાકટર એજન્સીઓને બ્લેકલીસ્ટ કરવા તથા બેંક ડીપોઝીટ જપ્ત કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તેઓએ કહ્યું કે, ખરાબ પ્રદર્શન કરનારા અધિકારીઓ તથા બ્લેકલીસ્ટેડ કોન્ટ્રાકટરોનો પણ રેકોર્ડ રાખવામાં આવશે. નબળા રસ્તા બનાવનારા કોન્ટ્રાકટરોને છોડવામાં નહિ આવે.બેંક ગેરેટી જપ્ત કરીને પછી તેઓને નવા કોઈ કામ આપવામાં નહી આવે. એકસપ્રેસ વેની ખરાબ હાલત જોઈને તેઓ વિફર્યા આ રસ્તાની યોગ્ય જાળવણી થવી જોઈએ અન્યથા કોઈને જાળવણી થવી જોઈએ અન્યથા કોઈને છોડવામાં નહિં આવે. પરિવહન મંત્રાલયનાં ત્રણેય પ્રધાનો હાઈવે પર નિકળીને ચકાસણી કરશે અને જાળવણી નહી કરનારા કોન્ટ્રાકટરો વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરીને હાંકી કાઢવામાં આવશે.

## સુરતનાં પીઆઈએ નિર્દોષ વ્યકિતને લાત મારવાની આકરી કિંમત ચુકવવી પડી : હાઈકોર્ટે રૂા.૩ લાખનો દંડ ફટકાર્યો

અમદાવાદ તા. ૧૮

અમદાવાદ તા. ૧૮ : સુરતના ડિંડોલીમાં એડવોકેટ હિરેન નાઈ કારમાં મિત્રો સાથે બેઠા હતા. ત્યારે ડિંડોલી પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.જે. સોલંકીએ ત્યાં આવીને કંઈપણ પૂછ્યા વગર સીધા લાત મારવા લાગ્યા હતા અને એટ્રોસિટી થાય તેવા અપશબ્દો બોલ્યા હતા. આ ઘટના અંગે પોલીસે પીઆઇ સામે ફરિયાદ નોંધવા ઈનકાર કર્યો હતો. જેથી હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ કેસમાં હાઈકોર્ટે કોઈપણ ગુના વગર નિર્દોષ વ્યક્તિને લાત મારનાર પીઆઈને ૩ લાખનો દંડ ફટકાર્યો હતો. હાઈકોર્ટે એવી પણ ટકોર કરી હતી કે, ખોટી રીતે લોકોને એક લાત મારવી કેટલી મોંઘી છે તે પીઆઇને આજીવન યાદ રહેવું જોઈએ. ભવિષ્યમાં પણ તેને કોઈ માણસ પર હાથ કે પગ ઉપાડતા લાતનો દંડ યાદ આવશે. પોલીસ ભલે દબાણમાં કામ કરે છે પરંતુ તેનો મતલબ સત્તાનો દુરુપયોગ કરવાની છૂટ નથી. પીઆઈએ ન્યાયતંત્ર વિશે જાહેરમાં અશોભનીય શબ્દો કહ્યા હોવાની રજૂઆત થતાં કોર્ટે ટકોર કરી હતી કે, આવા પીઆઇ સામે સરકાર પગલાં કેમ લેતી નથી? જસ્ટિસ નિર્ઝર દેસાઈએ ચાલુ સુનાવણી દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારી પાસે પીઆઈ સામે શું પગલાં લેશો તે અંગે સૂચના મંગાવી હતી.

## ભિવંડીમાં ગણેશ વિસર્જન દરમ્યાન પથ્થરમારો બે જુથો વચ્ચે અથડામણ : પોલીસનો લાઠીચાર્જ

ભિવંડી તા. ૧૮

મહારાષ્ટ્રનાં થાણે જિલ્લાના ભિવંડીમાં ગણેશ વિસર્જન દરમિયાન ભગવાન ગણેશની મૂર્તિ પર હિન્દુસ્તાની મસ્જિદ પાસે કેટલાક યુવકોએ મૂર્તિ પર પથ્થરમારો કરતા ભીડ ભડકી ગઈ હતી અને બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે હળવો લાઠી ચાર્જ કર્યો હતો અને કેટલાક લોકોની અટકાયત કરી હતી. આ અંગે વધુમાં મળતી જાણકારી મુજબ ગણેશની મૂર્તિ પર પથ્થરમારા મામલે એક યુવકને ભીડે પકડી લીધો હતો અને તેની પિટાઈ કરી હતી અને તેને પોલીસના હવાલે કરી દીધો હતો. મૂર્તિ ખંડિત થતા મંડળના લોકોએ માંગ કરી હતી કે જયાં સુધી પોલીસ બધા આરોપીઓને નથી પકડી લેતી ત્યાં સુધી મૂર્તિ વિસર્જન નહીં કરવામાં આવે. ઘટનાની જાણ થતા મંડળના અન્ય લોકો પણ પહોંચી ગયા હતા અને તનાવ પેદા થયો હતો. જોત જોતામાં લોકોની ભીડ વધી જતા પોલીસે ઘટના સ્થળે પહોંચીને પોલીસે લોકોને સમજાવ્યા હતા પોલીસે હળવો લાઠીચાર્જ પણ કરવો પડયો હતો. ઘટનાસ્થળે ભાજપ ધારાસભ્ય પોતાના સમર્થકો સાથે પહોંચ્યા હતા. તેમણે કાર્યવાહીની માંગ કરી હતી. આ દરમિયાન હાફિઝ દરગાહ પર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ત્યારબાદ ઘટના સ્થળે મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવામાં આવી હતી. કેટલાક લોકોની અટકાયત કરાઈ છે. એડીશ્નલ કમિશ્નર ચવ્હાણે જણાવ્યું હતું કે જે પણ દોષી હશે તેમની સામે કાર્યવાહી થશે.

## યુનોની મહાસભામાં ભાગ લેવા માટે ૨૩ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી અમેરીકા જશે: ટ્રમ્પ સાથે મુલાકાતની શકયતા



ન્યુયોર્ક, તા. ૧૮

અમેરિકામાં આગામી નવેમ્બર માસમાં યોજાનારી પ્રમુખ પદની ચૂંટણીમાં ડેમોક્રેટીક ઉમેદવાર કમલા હારિસ અને રીપબ્લીકન પાર્ટીના પ્રમુખ પદના દાવેદાર અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેનો જંગ હવે રસપ્રદ બન્યો છે.

તો બીજી તરફ આ મહિનામાં જ અમેરિકાની મુલાકાતે જઈ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ટ્રમ્પ વચ્ચે ફરી મુલાકાત યોજાઈ તેવી શકયતા દર્શાવાઈ છે મોદી તા. ૨૩ અને ૨૪ ન્યુયોર્કમાં સંયુકત રાષ્ટ્ર સંઘની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા જઈ રહયા છે અને અન્ય કાર્યક્રમોમાં પણ મોદી સંબોધન કરશે તે સમયે ડોનાલ્ડ ટ્રમ્પે મોદીને અદભુત નેતા તરીકે ગણાવીને તેઓ મોદીને મળશે તેવી જાહેરાત કરી છે.

જોકે ભારત તરફથી વડાપ્રધાનના અમેરિકાના પ્રવાસમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાત અંગે હજુ કોઈ સતાવાર જાહેરાત થઈ નથી. પરંતુ ટ્રમ્પે એક તરફ મોદીની ભરપુર પ્રશંસા કરી હતી. બીજી તરફ ટ્રમ્પે ભારતને અમેરિકા સાથેના વ્યાપાર સમજુતીમાં સૌથી મોટા દુરૂપયોગ કરનાર દેશ તરીકે ગણાવ્યો હતો. મોદી તા. ૨૧ના રોજ કવાડની બેઠકમાં હાજરી આપનાર છે અને ન્યુયોર્કમાં પણ કાર્યક્રમો છે. સામાન્ય રીતે ચૂંટણી સમયે અમેરિકી પ્રમુખ પદના ઉમેદવારને વિદેશી મહાનુભાવો મળતા નથી પરંતુ ૨૦૧૯માં જયારે મોદી અમેરિકાની મુલાકાતે ગયા તે સમયે હાઉડી મોદી કાર્યક્રમ ટેકસાસમાં યોજાયો હતો અને ૫૦ હજાર જેટલા મુળ ભારતીયોએ તેમાં હાજરી આપી હતી અને મોદીએ તે સમયે ફીર એક બાર ટ્રમ્પ સરકાર તેવું કહ્યું હતું.

## વિશ્વનાં શ્રેષ્ઠ રહેવાલાયક શહેરોમાં મુંબઈ-કોલકત્તાનો સમાવેશ : જયુરીચ નં.૧

નવી દિલ્હી, તા.૧૮

મુંબઈ, પુણે, કોલકાતા જેવાં ભારતનાં શહેરો વિશ્વનાં શ્રેષ્ઠ ચાલવા અને રહેવા યોગ્ય શહેરોમાં શામેલ છે. નેચર સિટીઝ જર્નલમાં પ્રકાશિત થયેલાં નવાં સંશોધનમાં આ દાવો કરવામાં આવ્યો હતો. સંશોધન મુજબ, ઝ્યુરિચ વિશ્વનું શ્રેષ્ઠ શહેર શહેર જાહેર થયું છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે દિવાળી બોનાન્ઝા બેઝીક પગારમાં ૨૦ થી ૩૫ ટકાનો વધારો કરાશે

નવી દિલ્હી, તા.૧૮:

વિવિધ કેન્દ્રીય પગાર પંચોની ભલામણો સાથે, ભારતમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં ઘણા નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. દેશના ૫૦ લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ ઘણા વર્ષોથી માંગ કરી રહ્યા છે કે તેમના મૂળ પગારમાં વધારો કરવામાં આવે. જુલાઈમાં રજૂ કરાયેલા બજેટથી કર્મચારીઓને ઘણી આશાઓ હતી, પરંતુ નાણામંત્રી નિર્મલા સીતારમણે આવી કોઈ જાહેરાત કરી ન હતી. સરકારે બજેટમાં ૮મા પગાર પંચના મુદ્દાને વધારે મહત્વ આપ્યું નથી. હવે નાણા મંત્રાલયના સૂત્રોનો દાવો છે કે સરકારે કર્મચારીઓના મૂળ પગારમાં વધારો કરવાની તૈયારી કરી લીધી છે. દિવાળીથી કર્મચારીઓને તેમના ખાતામાં વધારો પગાર મળશે.

જયારે સરકારી કર્મચારીઓનો પગાર કરવામાં આવે છે ત્યારે તેમાં વિવિધ ભથ્થા સામેલ કરવામાં આવે છે. મૂળ પગારમાં વધારો કરવામાં આવે તેવી ઘણા સમયથી માંગ ઉઠી રહી છે. એટલે કે બેઝિક સેલરી ઓછામાં ઓછી ૨૬૦૦૦ રૂપિયા હોવી જોઈએ. આ માંગ બજેટ સત્રમાં પણ ઉઠાવવામાં આવી હતી, પરંતુ તે સમયે સરકારે તેના વિશે વાત કરી ન હતી. સુત્રો મુજબ સરકાર દિવાળી પહેલા કર્મચારીઓને આ ભેટ આપવાની તૈયારી કરી રહી છે. તેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ટૂંક સમયમાં તેની જાહેરાત કરવામાં આવશે. અપેક્ષિત પગાર વધારો ૨૦ થી ૩૫ ટકા ની વચ્ચે હોઈ શકે છે, જે સંભવિત રીતે લેવલ ૧ નો પગાર લગભગ ૩૪,૫૬૦ રૂપિયા અને લેવલ ૧૮ નો પગાર ૪.૮ લાખ રૂપિયા સુધી લઈ જઈ શકે છે.

## ચાલુ વર્ષે જુનથી ઓગષ્ટ માસ દરમ્યાન વિશ્વનાં બે અબજ લોકો ભીષણ ગરમીની ઝપટમાં આવ્યા

નવી દિલ્હી,તા.૧૮

ચાલુ વર્ષે જુનથી ઓગસ્ટ દરમ્યાન વિશ્વભરમાં બે અબજ લોકોએ ૩૦ દિવસથી વધુ સમય સ્વાસ્થ્ય માટે ઘાતક ગરમીનો સામનો કર્યો હતો. કલાયમેટ સેન્ટ્રલનાં એક નવા રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે.

જલવાયું અસરો સાથે જોડાયેલ આ રિપોર્ટ અનુસાર માત્ર ભારતમાં જ બે કરોડ લોકોએ આવી ભીષણ ગરમી ૬૦ દિવસથી વધુ દિવસ સુધી સહન કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દુનિયામાં લગભગ ૪ અબજ લોકોએ અસાધારણ ગરમીનો સામનો કર્યો પણ ૨ અબજ લોકો એવી અસાધારણ ગરમીનો શિકાર બન્યા જે એમના સ્વાસ્થ્ય માટે ઘાતક હતી.

આટલુ જ નહિં ભારતની ૧.૩૮ અબજ વસ્તીમાંથી લગભગ એક તૃતિયાંશ વસ્તી એટલે કે ૪૨.૭ કરોડ લોકોએ લગભગ ૭ દિવસ ખતરનાક ગરમીનો સામનો કર્યો હતો.

## ઓગષ્ટ મહિનામાં રૂા.૮૪,૪૦૦ કરોડનાં સોનાની જંગી આયાત થઈ

નવી દિલ્હી,તા.૧૮

દશેરા-દિવાળીના તહેવારો પૂર્વે સોનુ ફરી વખત લાઈમલાઈટમાં છે.ઓગસ્ટ મહિનાનાં ૮૪૪૦૦ કરોડ રૂપિયાના સોનાની આયાત થઈ હતી જે ગત વર્ષનાં ઓગસ્ટમાં ૪૦૮૮૨ કરોડની સરખામણીએ બમણા કરતા પણ વધુ હતુ.આયાત જકાત ઘટાડાના તથા આગામી તહેવારોની ડીમાંડ વધવાના આશાવાદથી મોટી આયાત થઈ હતી. કેન્દ્ર સરકારનાં વાણીજય વિભાગ દ્વારા આયાતનાં સતાવાર આંકડા જારી કરવામાં આવ્યા હતા જે મુજબ ઓગસ્ટમાં ૮૪૪૦૧.૩૧ કરોડનુ સોનુ આયાત થયુ હતું. તેમાં ૧૦૬.૪ કરોડનો રેકોર્ડબ્રેક વધારો થયો હતો. સરકારે જુલાઈમાં રજુ થયેલા બજેટમાં આયાત જકાત ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી નાખી હતી તેનો સીધો પ્રભાવ પડયો હતો.


**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ

**મો.૯૩૭૬૬૦ ૫૫૬૨**

શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

**ગેલેક્સી**
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જયાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫ માં જન્મદિવસ નિમિત્તે પરિમલભાઈ નથવાણીએ દ્વારકાધીશ મંદિરના શિખર ઉપર કર્યું ધ્વજારોહણ




(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૮

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મંગળવારે ૭૫ મો જન્મદિન હોય, તેમને શુભેચ્છાના ભાગરૂપે રાજ્યસભાના સાંસદ અને રિલાયન્સ ગ્રુપના ડાયરેક્ટર પરિમલભાઈ નથવાણી દ્વારા ગુગળી જ્ઞાતિના મંત્રી કપિલભાઈ વાયડાના હસ્તે ભગવાન દ્વારકાધીશની ધ્વજાજીનું પૂજન કરાવી અને જગત મંદિરના શિખર ઉપર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. શારદાપીઠ પરિસરમાં ગઈકાલે સવારે સનાતન ધર્મ ના પવિત્ર ભગવા રંગની ધ્વજાજીનું પૂજન કપિલભાઈ વાયડા તથા દ્વારકાધીશ જગત મંદિરના યજમાન વૃત્તિ કરતા પંડાઓએ શાસ્ત્રો વૈદિક મંત્રોચાર સાથે વિષ્ણુ સહસ્ત્રના પાઠનું પઠન કરી ધ્વજાજીનું પૂજન ધાર્મિક વિધિ વિધાન મુજબ આચાર્ય વત્સલભાઈ પુરોહિતે કરાવ્યું હતું. કપિલભાઈ વાયડાએ ધ્વજાજીને દ્વારકાધીશજીના ચરણોમાં અર્પણ ક ર ી પૂજારીએ ધ્વજાજીને અબીલ ગુલાલ અને તુલસીજી અર્પણ કરી, દ્વારકાધીશ મંદિર પરિસરમાં મંદિરની ચારેય દિશામાં ભગવાન દ્વારકાધીશની ચાર પરિક્રમા કરાવવામાં આવી હતી. આ વખતે દ્વારકાધીશજી મંદિર પરિસરમાં ઉપસ્થિત ભાવિકો ભક્તોએ પણ ધ્વજાજીને મસ્તક ઉપર લઈને ભાવપૂર્વક નરેન્દ્ર મોદીજીને શુભેચ્છા પાઠવી હતી. પરિમલભાઈ નથવાણી દ્વારકાધીશજીના પરમ ભક્ત છે અને તેઓ કેન્દ્ર સરકારમાં રાજ્ય સભાના સદસ્ય તરીકે અને ખાસ કરીને ગુજરાત રાજ્યના સાસણગીર અને દ્વારકાના વિકાસમાં ખાસ ભૂમિકા ભજવે છે. તેઓ મોદી સાથે દ્વારકાના વિકાસની યોજનાઓ કરતા હોય છે.

# સોમનાથમાં યોજાશે ગુજરાત સરકારની ચિંતન શિબીર

## નવેમ્બર માસમાં મુખ્યમંત્રી સહિત આખું પ્રધાનમંડળ, જીલ્લા, રાજયના અધિકારીઓ ભાગ લેશે

(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૧૮

વિશ્વ પ્રસિધ્ધ ભારત બાર જ્યોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યે આગામી નવેમ્બર માસમાં રાજય સરકારની ચિંતન શિબીર યોજાશે. વ્યવસ્થાઓ નિહાળવા આ અંગે ગાંધીનગરથી એક ખાસ ટીમે સોમનાથની મુલાકાત થોડા સમય પહેલા લીધી હતી. સોમનાથ ખાતે થોડા વર્ષો પહેલા પણ આવી શિબીર યોજાઈ હીત. આગામી નવેમ્બર માસમાં યોજાનારી આ ૧૧મી શિબીર હશે. ત્રણ દિવસ યોજાનારી આ શિબીરીમાં રાજયના મુખ્યમંત્રી સહિત સમગ્ર પ્રધાનમંડળ ઉપસ્થિત રહેશે અને નક્કી થયેલા વિવિધ વિષયો ઉપર પ્રગતિની ચર્ચા કરવામાં આવશે. અંદાજે ૨૫૦થી ૩૦૦ જેટલા વીવીઆઈપી આ ચિંતન શિબીરમાં ભાગ લેશે અને જાહેર સેવા, આરોગ્ય, શહેરી વિકાસ અને પંચાયત વિભાગના વિવિધ વિષયો ઉપર ચર્ચા કરવામાં આવશે. રાજયના સચીવો, એસપી, ડીડીઓ, જીલ્લા કલેકટરો સહિત અધિકારીઓ આમાં ભાગ લેશે અને ૪૫ એમ પાંચ ગ્રુપમાં સત્રોમાં જોડાશે અને આગામી વર્ષનું પ્લાનીંગ તેના નિર્ષકર્ષ ઉપર થશે. સત્તાવાર મંજુરી મળ્યા બાદ ઓક્ટોબર અંતમાં આ અંગેની સત્તાવાર તારીખ અને સમય જાહેર થશે.

# કેશોદમાં અનંત ચતુર્દશી નિમિત્તે હૈયામાં હરખ અને આંખોમાં આંસુ સાથે ભક્તો આપી બાપ્પાને વિદાય

(પ્રતિનિધિ દ્વારા)
કેશોદ તા.૧૮



કેશોદમાં અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આજે ગણેશોત્સવનો છેલ્લો દિવસ એટલે અનંતચતુર્દશીના રોજ ગણેશોત્સવના ૧૦ દિવસોમાં ભક્તો બાપ્પાને અનેક પ્રકારનાં પકવાનનો ભોગ ધરાવીને આસ્થાભેર પુજા અર્ચના કરવાની સાથે સાથે વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી ધામધૂમથી ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો અને દસ દિવસ બાદ ખૂબ જ ધામધૂમથી ગણેશજીને વિસર્જિત કરવામાં આવ્યું હતું. આ વખતે બાપ્પાને વિસર્જિત કરવાનો દિવસ અનંત ચતુર્દશી તારીખ ૧૭મી સપ્ટેમ્બર ના રોજ ગણેશ સ્થાપનાની જેમ વિસર્જન પણ ખૂબ ધામધૂમથી કરવા માટે ડીજે ના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવવાની સાથે અબીલ ગુલાલ ઉડાવી આવતાં વર્ષે વહેલા વહેલા પધારવાનું નિમંત્રણ આપી વિદાય આપવામાં આવી હતી. કથા અનુસાર જે દિવસે ગણેશજીએ મહાભારત લખવાની શરૂઆત કરી તે ભાદરવા મહિનાની શુક્લ પક્ષની ચતુર્થીનો દિવસ હતો અને જે દિવસે મહાભારત પૂર્ણ થઈ તે અનંત ચતુર્દશીનો દિવસ હતો. ત્યારથી ગણેશજીને દસ દિવસ સુધી બેસાડવામાં આવે છે અને અગિયારમાં દિવસે ગણેશ ઉત્સવ પછી અનંત ચતુર્દશી તેમનું વિસર્જન કરવામાં આવે છે.એવું પણ કહેવાય છે કે છે કે ગણપતિ ઉત્સવ દરમિયાન લોકો પોતાની જે ઈચ્છા પૂર્તિ કરવા માંગે છે તે ભગવાન ગણપતિના કાનમાં કહી દે છે. ૧૦ દિવસો સુધી ભગવાન ગણપતિ લોકોની ઈચ્છાઓ સાંભળી સાંભળી ને એટલા ગરમ થઈ જાય છે કે અનંતચતુર્દશીના રોજ પવિત્ર નદીઓ કે સરોવર દરિયામાં વહેતા પાણીમાં વિસર્જિત કરી તેમને ઠંડા કરવામાં આવે છે. વિસર્જન સંસ્કૃત ભાષાનો શબ્દ છે, જેનો અર્થ પાણીમાં વિલીન થવું થાય છે. આ સન્માન સૂચક પ્રક્રિયા છે એટલે ઘરમાં પૂજા માટે પ્રયોગમાં લેવામાં આવેલી મૂર્તિઓને વિસર્જિત કરીને તેમને સન્માન આપવામાં આવે છે. વિસર્જનની ક્રિયામાં મૂર્તિ પંચતત્ત્વમાં સમાહિત થઈ જાય છે અને દેવી-દેવતાઓ પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે.કેશોદ શહેર અને તાલુકામાં વહેલી સવારથી જ ગણપતિ બાપાનું ધામધૂમ પૂર્વક વિસર્જન કરવામાં આવી રહ્યું છે. આજે અનંત ચૌદશ એટલે કે ગણેશ વિસર્જનનો દિવસ ભક્તોએ ગણેશજીની દશ દિવસ સુધી પૂજા અર્ચના કરી અને આજે ગણપતિ બાપાને આંખો ભીની વિદાય આપી રહ્યા છે. લોકોએ જાહેરમાં દૂંદાળા દેવને દશ દિવસ સુધી વિશિષ્ટ અતિથિ તરીકે બનાવ્યા હતા. શહેરમાં નાના મોટા મંડપ ભંડારો સોસાયટી ફ્લેટ ઘરમાં ગણેશજીની સ્થાપના કરી હતી. કેશોદ શહેર તાલુકામાં વિવિધ યુવક મંડળ, સત્સંગ મંડળ અને વિવિધ ગ્રૃપ દ્વારા ગણપતિ દાદાની સ્થાપના કરી ધામધૂમથી ગણેશોત્સવ ઉજવી આજે ભાવવિભોર બની ગણપતિ દાદાની મહાઆરતી કરી વિદાય આપી હતી ત્યારે સમગ્ર પંથકમા ભક્તિમય વાતાવરણ બની ગયું હતું.કેશોદ શહેર તાલુકામાં કોઈ પ્રકારનો અનિચ્છનીય બનાવ બને નહીં એ માટે કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠકકર ના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# જૂનાગઢ શહેરના જર્જરીત માર્ગોનું નવીનીકરણ અને રીપેરીંગ કરવા તેમજ વિવિધ વિસ્તારમાં નિયમિત શુધ્ધ પાણી વિતરણ કરવા માંગ

## જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ જોષીએ કમિશ્નરને પત્ર પાઠવી રજુઆત કરી

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ જોષીએ મહાનગરપાલીકાના કમિશ્નરશ્રીને એક પત્ર કમ આવેદનપત્ર પાઠવી અને જૂનાગઢ શહેરના જર્જરીત રસ્તાઓનું તાત્કાલીક નવીનીકરણ અને રીપેરીંગ કરવા તેમજ શહેરના જુદા-જુદા વિસ્તારોમાં નિયમિત શુધ્ધ પાણી વિતરણ કરવા તેમજ ગટરની કામગીરીની ગુણવત્તાની ચકાસણી માટે સુપરવિઝન કરવા સહિતની રજુઆતો કરી છે.

આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, આગામી દિવસોમાં નવરાત્રી અને દિવાળી જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે શહેરના જર્જરીત રસ્તાઓને તાત્કાલીક અસરથી નવા બને તેમજ રીપેરીંગ કરવાની તાત્કાલીક જરૂરીયાત છે. ખરાબ રસ્તાઓને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેમ જણાવી જુદા-જુદા ૧ થી ૧૫ મુદાઓ દર્શાવી અને શહેરના વિવિધ વોર્ડના રસ્તાઓની હાલત અંગેનો ચિત્તાર આપેલ છે. પ્રજા તરફથી મળેલી આ રજુઆતોને આવેદનપત્રના સ્વરૂપે કમિશ્નરને પાઠવવામાં આવ્યું છે. તેથી તાત્કાલીક અસરથી આ કામગીરી હાથ ધરવાની માંગણી કરી છે. વિશેષમાં જૂનાગઢ શહેર અને જીલ્લામાં ભરપૂર વરસાદ પડેલ છે અને મહાનગરપાલિકાના પાણીના સ્ત્રોતો સમાન તમામ ડેમોમાં પુષ્કળ માત્રામાં પાણીનો જથ્થો છે તેમ છતાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાંચથી છ દિવસે પાણી વિતરણ થાય છે તેમજ મનપા દ્વાર ડહોળુ પાણી સપ્લાય કરવામાં આવે છે તેવી ફરિયાદ વ્યક્ત કરવામાં આવી છે.પાણીના સ્ત્રોત પુરતા પ્રમાણમાં હોય જેથી લોકોને નિયમિત અને શુધ્ધ પાણી વિતરણ થાય તે અંગે કાર્યવાહી કરવા જણાવેલ છે.વિશેષમાં જે વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયેલ છે તે કામગીરીની ગુણવત્તા ખુબ જ નિમ્ન કક્ષાની છે જેના લીધે ભૂગર્ભ ગટરની કામગીરી બાદ હજુ એક મહિના પહેલા નવા બનેલા દોલતપરા મેઈન રોડનો સીસી રોડ ગટર જામના લીધે રીપેરીંગના બહાને તોડવો પડેલ છે અને પ્રજાના પૈસાનો વ્યય થાય છે. ભૂગર્ભ ગટરની નબળી કામગીરીને લીધે શહેરની મોટાભાગની ગટર લાઈન માત્ર એક મહિનાના સમયમાં જામ થઈ ગયેલ. તેમજ મુખ્ય લાઈનો જર્જરીત પણ બની ગયેલ છે. અને ગટર રીપેરીંગના બહાને ભવિષ્યમાં નવા બનેલા રોડ તોડવા ન પડે તેથી હાલ જે ગટરની કામગીરી શરૂ છે તે કામગીરીમાં ગુણવત્તાનું પુરતુ ધ્યાન આપવામાં આવે તેમજ નવી બનેલી ગટર લાઈન તુટે અથવા જામ થાય તો કોન્ટ્રાકટરની સાથે જે તે જવાબદાર એન્જીનીયરની પણ જવાબદારી ફીકસ કરવામાં આવે અને બેદરકારી સાબિત થાય તો શિક્ષાત્મક કાર્યવાહી કરવાની માંગણી પણ કરવામાં આવી છે. ઉપરોકત તમામ માંગણીઓને ધ્યાને લઈ ઉચિત કાર્યવાહી કરવા જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોષીએ રજુઆત કરી છે.

# પૂનમ નિમિત્તે શ્રી કષ્ટભંનજન દેવને ફુલોનો દિવ્ય શણગાર તથા સુખડીનો અન્નકૂટ એવં શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન



(પ્રતિનિધિ દ્વારા)
સાળંગપુર તા.૧૮

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી પૂનમ નિમિત્તે તારીખ ૧૮-૦૯-૨૦૨૪ને બુધવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને મોતીના વાઘા તેમજ સિંહાસનને ફળ-ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારીસ્વામી તથા શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી- અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી.દાદાને સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂનમ નિમિત્તે સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું.દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૭:૦૦ કલાકે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીદ્વારા કરવામાં આવી હતી.હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, પૂનમ નિમિત્તે આજે દાદાને સફેદ હંસની થીમવાળા વાઘા અને સિંહાસને ફળ-ફુલનો શણગાર કરાયો છે. દાદાના સિંહાસને ૨૦૦ કિલો એન્થોરિયમ, ગુલાબ, સફરજ અને દાડમનો શણગાર કરાયો છે. આ તમામ ફુલ અને ફ્રુટ વડોદરાથી મંગાવ્યા છે. તો દાદાને આજે ૩૦૦ કિલો સુખડીનો અન્નકુટ પણ ધરાવાયો છે. ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને આ શણગાર કરતાં ચાર કલાક લાગ્યા હતા.

# ખલ્કે ઈલાહી ન્યાય પરીષદ દ્વારા ફૈઝુલ ઈસ્લામ પ્રાથમીક શાળામાં શિક્ષણની જાગૃતિ અને પુસ્તક વિતરણનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૧૮

ખલ્કે ઈલાહી ન્યાય પરીષદ દ્વારા જૂનાગઢ શહેરમાં આવેલ ફયઝુલ ઈસ્લામ પ્રાથમીક શાળામાં બાળકોને પુસ્તક વિતરણનો કાર્યક્રમ ઉજવવામાં આવેલ. આ પ્રસંગે ખલ્કે ઈલાહી ન્યાય પરિષદના અધ્યક્ષ યુસુફ મલેકે શિક્ષણના મહત્વને સમજાવતાં કહ્યું કે, શિક્ષણ એ મુળભૂત અધિકાર છે અને તમામે શિક્ષણ મેળવવું જોઈએ. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા તેમણે ભાર મુક્યો હતો. જ્યારે એડવોકેટ આશિફખાન પઠાણે જણાવ્યું કે, નર્સરીથી લઈ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જરૂરી શિક્ષણ સામગ્રી સહાય કરવી જોઈએ. તે વર્તમાન સમયની જરૂરીયાત છે. જયારે સૈયદ હૈદરબાપુ કાદરીએ જણાવ્યું કે, આજના ઝડપથી બદલાતા યુગમાં પરિવર્તનશીલ નેતૃત્વ ખુબ જ જરૂરી છે. દેશનું ભાવિ એવા નાના બાળકોને શિક્ષણ ક્ષેત્રે સફળતાના શીખરો સર કરવા અનુરોધ કરી જણાવ્યું હતું કે, સમાજના તમામ લોકોએ તેના માટે મહેનત કરવી જોઈએ. જયાએ અપ્સરહુશેન ભટ્ટીએ કહ્યું કે, શિક્ષણ, સમાજસેવા સંગઠન, સંસ્કાર તરફ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. સંકુચીત માનસીકતામાંથી બહાર આવવું પડશે. કૃત્રિમ ભયને દુર કરવો પડશે. મુસ્લીમ સમાજમાં પણ અન્ય સમાજના લોકોની જેમ જ અપાર કાબેલીયત છે જેનો સકારાત્મક ઉપયોગ થવો જોઈએ. અને શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવી જોઈએ. ઉપરોકત આગેવાનોએ શાળા સંકુલની મુલાકાત લઈ પુસ્તક વિતરણ કાર્યક્રમ યોજી બાળકો અને શાળા સંચાલકોને પ્રોત્સાહન આપ્યું હતું.

# ઊના તાલુકાના મોટા ડેસર ગામે જુગાર રમતા ૮ જુગારીઓ ઝડપાયા



(પ્રતિનિધિ દ્વારા)
ઊના તા.૧૮


ઊનાના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્રસિંહ એન. રાણાની સૂચનાથી સર્વેલન્સ સ્કોવડના પીએસઆઈ આર.પી. જાદવ, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ એમ. પરમાર, જોરૂભા નારણભાઈ મકવાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ શાંતિલાલ વેલાભાઈ સોલંકી, હરપાલસિંહ મહાવીરસિંહ ચુડાસમા, વિજયભાઈ હાજાભાઈ રામને બાતમી આધારે ઊના તાલુકાના મોટા ડેસર ગામે તળાવડી વિસ્તારમાં લોકો જુગાર રમતાં હોય રેડ કરતા જાહેરમાં રૂપિયાની હારજીતનો જુગાર રમતા હિતેશ ધીરૂભાઈ સોલંકી, અશ્વિન લખમણભાઈ બાંભણિયા, લાલજી ભાણાભાઈ દમણિયા, ભરત ભાણાભાઈ દમણિયા, જયેશ બિજલભાઈ દમણિયા, મહેશ ધીરૂભાઈ પરમાર, બીજલ કરશનભાઈ બાંભણિયા, દેવસી પોલાભાઈ બારડ રે. તમામ મોટા ડેસર તા.ઊના વાળાને રોકડા રૂપિયા ૨૧૭૧૦ સાથે પકડી ઊના પોલીસ સ્ટેશન લાવી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જ મો. ૭૨૦૨૦૧ ૮

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પલેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર,

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે
સ્પે. પંજાબી પફ મળશે
આઈસ કેકનાં
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ જીલ્લાના મેંદરડા ખાતે 'સ્વચ્છતા હી સેવા' અભિયાનનો પ્રારંભ : સફાઈ કર્મચારીઓનું પ્રમાણપત્ર અર્પણ કરી થયુ બહુમાન

**સ્વચ્છતા માત્ર દરેક સરકારી યોજના જ નહીં પરંતુ નાગરિકોની જીવનશૈલીમાં પણ પાયાનો સિદ્ધાંત બની ગયો છેઃ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમર**



જૂનાગઢ તા.૧૮

'સ્વચ્છતા હી સેવા' રાજ્ય વ્યાપી સ્વચ્છતા અભિયાનના પ્રારંભના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા અને અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ થયો હતો. સાથે સાથે મેંદરડા તાલુકાના સફાઈ કામદારોના આરોગ્યની પણ તપાસ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને મહાનગરપાલિકા નગરપાલિકાઓના સંકલનથી શહેરી વિસ્તારોમાં હેરિટેજ, પ્રવાસન, તીર્થ સ્થળો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના જાહેર સ્થળો એ એક વિશેષ અભિયાનના ભાગરૂપે જન ભાગીદારી-જન જાગૃતિ સાથે કાયમ સ્વચ્છતા રહે તેવા ઉદ્દેશ સાથે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ થયો છે. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમર, કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, ડી.આર.ડી.એ નિયામક પી.એ. જાડેજા મેંદરડા પ્રાંત હિરલ ભાલાળા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપરાંત કોલેજના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અગ્રણીઓએ પ્રતિક રૂપ સફાઈ શરૂ કરી સૌને પ્રેરણા આપી હતી.

કાર્યક્રમ દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમરે જણાવ્યુ કે પ્રકૃતિ આપણને આપણી માતા સમાન હંમેશા બધું આપે જ છે. "પહેલું સુખ, તે જાતે નર્યા''' માટે માત્ર આપણું ઘર કે આંગણું જ નહીં આપણું ગામ પણ સ્વચ્છ રાખવું જરૂરી છે.ગામ ગોકુળિયું ત્યારે જ બને જ્યારે સૌના સહકાર મળે. સૌના સાથ સાથે સ્વચ્છ ગામ અને સ્વચ્છ સમાજ બનશે. સ્વચ્છતા માત્ર દરેક સરકારી યોજના જ નહીં પરંતુ નાગરિકોની જીવનશૈલીમાં પણ પાયાનો સિદ્ધાંત બની ગયો છે.

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ તેમના વકતવ્યમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની શુભેચ્છા પાઠવી જણાવ્યુ હતુ કે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત આપણે સૌએ જનભાગીદારી સાથે આપણું ફળિયું, ગામ, આંગણવાડી, શાળા તેમજ જાહેર જગ્યા તેમજ તાલુકા અને જિલ્લાને સ્વચ્છ બનાવીએ. ભારત સરકારશ્રી દ્વારા ૦૨, ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી માટે આહ્વાન કરવામાં આવેલું છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ દિવસને 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનાં ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા.૨ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" પખવાડિયા યોજવામાં આવશે. જે અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી અને પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજ્યમાં ' સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ ' અભિયાનને તા.૧૭/૯/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી લંબાવી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે

મેંદરડા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સફાઈ કર્મચારીઓને પ્રમાણપત્રો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોએ સ્વચ્છતા જાળવવાના શપથ લીધા હતા. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન ૧૦૦ કલાક સ્વચ્છતાની કામગીરીમાં અર્પણ કરશે તેવો નિર્ધાર લીધો હતો. કાર્યક્રમ અંતે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું.

'એક પેડ માં કે નામ' અંતર્ગત સમગ્ર રાજ્યમાં યોજાનાર અર્બન ફોરેસ્ટ અભિયાન અંતર્ગત

# જૂનાગઢમાં પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે વૃક્ષારોપણ તથા રોપ વિતરણનો કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૧૮

ગીર સોમનાથ વન વિભાગ દ્વાર જૂનાગઢમાં પોલીસ ટ્રેનિંગ સેન્ટર ખાતે "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત જિલ્લાના અધિકારીઓ હસ્તે વૃક્ષારોપણ તથા રોપ વિતરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાને પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગનાં પડકારો સામે તારણોપાય તરીકે મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ માં કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું છે. ભારતનાં અને વિશ્વભરનાં લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલીરૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. આજના સમયમાં વૃક્ષોની તાતી જરૂરિયાત, પર્યાવરણની સમતુલા જાળવવા તેમજ પ્રદૂષણના દુષણને નાથવાના હેતુથી એક પેડ મા કે નામ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે અન્વયે વૃક્ષોનું વાવેતર અને રોપાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમરે વૃક્ષની મહત્તા સમજાવતા જણાવ્યું હતું કે, માનવ જીવનમાં વૃક્ષનું ખુબ મહત્વ છે, વૃક્ષો ખોરાક અને ઓક્સિજન પૂરો પાડે છે એથી વધીને ઘણા બધા ફાયદાઓ છે જે આપણું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પણ ખૂબ જ જરૂરી છે તેથી હંમેશા દરેક વ્યક્તિએ ફરજિયાત વૃક્ષો વાવવા જોઈએ અને તેનું મહત્વ પણ સમજવું જોઈએ, વૃક્ષોએ મનુષ્યના અસ્તિત્વ માટે અને તેને ટકાવી રાખવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ ધરાવે છે કાર્યક્રમમાં વિવિધ વિભાગનાં અધિકારીઓ, પ્રબુધ્ધ નગરજનો, પોલીસ ટ્રેનિંગ સેન્ટર, એનસીસી અને જૂનાગઢ વન વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ, પોલીસ ટ્રેનિંગ સેન્ટરના તાલીમાર્થીઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા.

# સેવા સેતુ કાર્યક્રમ થકી નાગરિકોની રજુઆતો-પ્રશ્નોનું સ્થળ ઉપર સરળતાથી થઈ રહ્યુ છે નિરાકરણ : કલેકટર અનિલ રાણાવસિયા

**સેવા સેતુ, સ્વચ્છતા હી સેવા અને એક પેડ મા કે નામ એમ કુલ ત્રણ અભિયાનનું જિલ્લામાં થઈ રહ્યું છે આયોજન**



જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ જિલ્લાનાં મેંદરડા તાલુકાનાં નાની ખોડીયાર ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન સાથે કલેક્ટર અનિલ રાણાવશીયા ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે સેવાસેતુ અભિયાનની અગત્યતા જણાવતા ઉમેર્યું હતું કે, સેવા સેતુના માધ્યમથી નાગરિકોને ઘરઆંગણે સરકારની મહત્વની ૫૫ જેટલી સેવાઓ ઉપલબ્ધ થઈ છે. જિલ્લામાં સેવા સેતુને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તાલુકામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકા વિસ્તારમાં દરેક નગરપાલિકા દીઠ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે

ઉલ્લેખનીય છે કે, સેવા સેતુ સાથે જિલ્લામાં આજથી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાનના દિશાનિર્દેશ અનુસાર જિલ્લામાં એક પેડ મા કે નામ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. આ તકે કલેક્ટરે ગ્રામજનો સાથે સંવાદ સાધતા જણાવ્યું હતુ કે છેવાડાના માણસોની નાની – નાની સમસ્યાઓનું સ્થળ ઉપર નિવારણ થાય તે માટે રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમ રૂપી મહા અભિયાન સમગ્ર રાજ્યમાં આરંભ્યું છે. સેવા સેતુ કાર્યક્રમ એ પારદર્શક વહિવટ અને ભ્રષ્ટાચાર મૂક્ત શાસન વ્યવસ્થાનું ઊત્તમ ઉદાહરણ બન્યા છે. આ કાર્યક્રમ દ્વારા છેવાડા વિસ્તારના ગરીબ લોકોનો હાથ પકડીને સંવેદનશીલતા સાથે તેમના પ્રશ્નો – સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમની સાથે લોકોના આરોગ્ય ચકાસણીનું કાર્ય પણ હાથ ધરવામાં આવી રહ્યું છે., મનુષ્યના આરોગ્યની સાથે પશુઓના આરોગ્યની ચિંતા પણ રાજ્ય સરકાર કરી રહી છે. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખે નાની ખોડીયાર ગામનાં ગ્રામજનો સાથે વાત કરતા ઉમેર્યુ હતુ કે રાજ્યના ગરીબોના આરોગ્ય માટે આ સરકારે અનેક પગલાઓ ભર્યા છે, રાજ્યના છેવાડાના માણસોની નાની – નાની સમસ્યાઓનું સ્થળ ઉપર નિવારણ થાય તે માટે રાજ્ય સરકારે સેવા સેતુ કાર્યક્રમ રૂપી મહા અભિયાન સમગ્ર રાજ્યમાં આરંભ્યું છે.

# વંથલીના ભાટીયા ગામે સેવાસેતુ, સ્વચ્છતા હી સેવા અને એક પેડ મા કે નામ એમ ત્રિવીધ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૮

રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ તેમજ સરકારી સેવાઓ તેમના નજીકના સ્થળે, તરત પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા આશય સાથે સમગ્ર રાજ્યમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓકટોબર સુધી ૧૦મા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. આ અનુસંધાને જૂનાયઢ જિલ્લામાં વંથલી તાલુકાના ભાટીયા ગામે આજરોજ સેવા સેતુ કાર્યક્રમ, સ્વચ્છતા રેલી, સ્વચ્છતા શપથ, સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ પખવાડાનો શુભારંભ અને એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા સેતુ કાર્યક્રમમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા વિભાગ, મહેસૂલ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ જેવા વિવિધ વિભાગોની આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે જોડાણ, જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના, મિલકત આકારણીનો ઉતારો, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, નોન ક્રિમિલિયર પ્રમાણપત્ર, વિધવા સહાય તેમજ મુખ્યમંત્રીશ્રીની એપ્રેન્ટીસ યોજનાની અરજીઓનો સ્વીકાર વગેરે જેવી કુલ ૫૫ સેવાઓને સમાવી લેવામાં આવી છે. આ કાર્યક્રમમાં સાવજ જિલ્લા દૂધ સંઘ, જૂનાગઢના ચેરમેન દિનેશભાઈ ખટારીયા, જિલ્લા પંચાયત, જૂનાગઢના ઉપપ્રમુખ મુકેશભાઈ કણસાગરા, તાલુકા પંચાયત, વંથલીના ઉપપ્રમુખ ગોવિંદભાઈ હુંબલ, તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન રમેશભાઈ ડાંગર, શ્રી તાલુકા પંચાયત, વંથલી સદસ્ય રમેશભાઈ નાઘેરા, સ્વામિ વિવેકાનંદ યુવા બોર્ડના જિલ્લા અધ્યક્ષ મેહુલભાઈ જાની, મામલતદાર અશોક ગોહિલ, તાલુકા વિકાસ અધિકારી હિતેષ વાઘેલા, તાલુકા યુવા મોરચા પ્રમુખ સંજયભાઈ જાદવ, વિવિધ આગેવાનો, સરકારના વિવિધ ખાતાના અધિકારી/ કર્મચારી અને ક્લસ્ટરમાં સમાવિષ્ટ ગામોના સરપંચો/ ત.ક.મંત્રીઓ અને ગ્રામજનો હાજર રહ્યાં હતાં.

# મિશન શક્તિ યોજના અંતર્ગત ખડિયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા



જૂનાગઢ, તા.૧૮ : મિશન શક્તિ યોજના અંતર્ગત ૧૦૦ દિવસની સ્પેશિયલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઈવ અંતર્ગત જૂનાગઢ ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ના કર્મચારી દ્વારા વીક ૧૪ની થીમ **"community mobilization week with BBBP"** મુજબ જૂનાગઢ ગ્રામ્યના ખડિયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ખડિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરાવી અને એનીમિયા નિવારણ અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત કિશોરાવસ્થા અંગે, સાઈબર ક્રાઈમ અંગે, મહિલા કલ્યાણ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ, ખડિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ટીમ, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવર મેન્ટ ઓફ વિમેન ના કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી, જૂનાગઢ દ્વારા એક અખબારી યાદિમાં જણાવાયુ.

# જૂનાગઢ ખાતે મહિલા વૃતિકા યોજના અંતર્ગત કેનિંગ તાલીમ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૮

નાયબ બાગાયત નિયામકની કચેરી, જુનાગઢ દ્વારા મહિલા વૃતિકા યોજના (ટ્રેનિંગ તાલીમ) અંતર્ગત પાંચ દિવસીય ફળ અને શાકભાજી પરીક્ષણ અંગેની તાલીમ કાર્યક્રમનું આયોજન શ્યામ વાડી, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યુ હતું. આ તાલીમમાં વિષય નિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓને ફળ, ફૂલ અને શાકભાજી માંથી બનતી વિવિધ વાનગીઓ બનાવીને પ્રેક્ટીકલ સમજણ સાથે ફળ અને શાકભાજીના પરીક્ષણની વિવિધ પદ્ધતિઓ, વાનગીને લાંબા સમય સુધી સંગ્રહ કરવાની પદ્ધતિઓ, વાનગી બગડવાના કારણો અને તેના ઉપાયો તેમજ ડબ્બા પેકિંગ, પી.એમ.એફ.એમ.ઈ યોજના જેવા વિવિધ વિષયો વિશે સમજ આપવામાં આવી. આ તાલીમમાં તાલીમાર્થીઓને ફળ અને શાકભાજી પરીક્ષણ પુસ્તિકા, બેગ અને સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહન કરવામાં આવ્યા હતા. આ તાલીમ દરમિયાન ડો.એન.બી. જાદવ, વિસ્તરણ શિક્ષણ નિયામક, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, નિશાંતભાઈ ચૌહાણ મદદનીશ ખેતી નિયામક,જૂનાગઢ તેમજ એમ. આર. અગ્રવાલ મદદનીશ બાગાયત નિયામક, જૂનાગઢ હાજર રહી પ્રસંગોચિત વ્યક્તવ્ય આપી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.વી.ચૌહાણ બાગાયત અધિકારી કેનિંગ-જૂનાગઢ ના સંકલન હેઠળ કરવામ આવ્યુ હતું. આ અંગે નાયબ બાગાયત નિયામકની કચેરી, જૂનાગઢ દ્વારા એક અખબારી યાદિમાં જણાવાયું.

# ઉના એસ.ટી. બસ ડેપોમાં સ્વસ્થ ભારત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ કરવામાં આવી

(પ્રતિનિધિ દ્વારા) ઉના, તા.૧૮



ઉના એસ.ટી. બસ ડેપોના બસ સ્ટેશન વિસ્તારમાં સ્વચ્છતા હી સેવા સ્વસ્થ ભારત સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઉના નગરપાલિકા દ્વારા અભિયાનનો પ્રારંભ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, ઉના એસ.ટી. ડેપોના મેનેજર એલ.ડી. રાઠોડ, ચીફ ઓફિસર જે.જે. ચોહાણ, કેર ટેકર અંસારીભાઈ, મહિલા કોલેજ, કન્યા વિદ્યાલયના પ્રિન્સીપાલ, કન્યા વિદ્યાલય અને મહિલા કોલેજમાં અભ્યાસ કરતી બહેનો ઉના એસ.ટી. ડેપોના યુનિયનના હોદેદારો, કર્મચારીઓએ બસ સ્ટેશનની સફાઈ કરી સ્વચ્છ બનાવેલ અને તમામ આગેવાનો અને મુસાફરોએ કાયમી સ્વચ્છતા રાખવા સમૂહમાં સંકલ્પ લીધા હતા.



મારૂ વિસર્જન કરવા કરતા તમારા વ્યસનોનું વિસર્જન કરો તો સુખી થશો !



મારી સચ્ચાઈ ભરી વાણી તમને કડવી લાગે છે અને કડવી તમાકુ તમને મીઠી લાગે છે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મણિપુરમાં અશાંતિ

મણિપુર હજી પણ શાંત થવાનું નામ નથી લઈ રહ્યું, જે મોદી સરકાર માટે એક ગંભીર ચિંતાનો વિષય હોવો જોઈએ. હાલમાં જ ત્યાં ફરીથી હિંસા ભડકી ઊઠી, જેમાં કેટલાય લોકો માર્યા ગયા. નવેસરથી હિંસા ભડકવાથી હાલત વધુ બગડવાની આશંકાને કારણે રાજ્ય સરકારે જે રીતે તમામ સ્કૂલો બંધ કરવાનો નિર્ણય લીધો, એનાથી એ જ ખબર પડે છે કે હિંસા પર કાબૂ મેળવવો મુશ્કેલ થતું જાય છે. આ સીમાવર્તી રાજ્યમાં રહી-રહીને હિંસક ઘટનાઓ થતી જ રહે છે. તેનાથી શાંતિ બહાલીની આશા દમ તોડતી રહે છે. મણિપુરને અશાંત થયે એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે અને હાલની ઘટનાઓથી લાગતું નથી કે ત્યાં આસાનીથી શાંતિ સ્થાપી શકાશે. ચિંતાજનક માત્ર એ નથી કે મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે હિંસક ટકરાવ સમાપ્ત થવાનું નામ નથી લઈ રહી, બલ્કે એ પણ છે કે હવે ત્યાં ક્યાંય વધુ ઘાતક હથિયારોનો ઉપયોગ થઈ રહ્યો છે. ગત દિવસોમાં પહેલાં એ ચોંકાવનારું તથ્ય સામે આવ્યું કે ત્યાં ડ્રોનથી હુમલા થઈ રહ્યા છે, પછી રોકેટ હુમલાના સમાચાર આવ્યા. સ્પષ્ટ છે કે હથિયારબંધ સમૂહ ન માત્ર ક્યાંય વધુ આધુનિક હથિયારોથી સજ્જ થઈ રહ્યો છે, સાથે જ તે દુસ્સાહસ પણ કરી રહ્યો છે. હવે તો એવું પણ લાગે છે કે તેમના દુસ્સાહસનો સામનો કરવામાં સુરક્ષા દળોને પણ મુશ્કેલી પડી રહી છે. એ સામાન્ય વાત નથી કે હથિયારબંધ સમૂહ સુરક્ષા દળોથી હથિયાર છીનવી લે છે અને જવાબી કાર્યવાહીથી બચવા માટે બંકરોમાં છૂપાઈ જાય છે.

મણિપુરમાં સ્થિતિઓ કઈ રીતે ખરાબ થતી જાય છે, તેને એનાથી પણ સમજી શકાય છે કે ડ્રોન અને રોકેટ હુમલાને કારણે સુરક્ષા દળોને હેલિકોપ્ટરો દ્વારા નજર રાખવી પડી રહી છે. મણિપુરની હાલત એ જ દર્શાવે છે કે રાજ્યમાં શાંતિ સ્થાપિત કરવા માટે કેન્દ્ર, રાજ્ય સરકાર અને સુરક્ષા દળોએ કોઈ નવી રણનીતિ પર કામ કરવું પડશે. આ રણનીતિ અંતર્ગત તેમણે મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે વૈમનસ્ય ખતમ કરવાના પ્રયત્નો કરવા પડશે. આ આસાન કામ નથી, કારણ કે બંને સમુદાય સંપૂર્ણ રીતે વહેંચાઈ ગયા છે. સ્થિતિ એ છે કે એકબીજાના વિસ્તારોમાં રહેનારા બંને સમુદાયના લોકો ત્યાંથી પલાયન કરી ચૂક્યા છે.આ બંને સમુદાયો વચ્ચે અવિશ્વાસ ખતમ કરવાની સાથે જ ઉપદ્રવ તત્ત્વો અને વિદ્રોહીઓના દુસ્સાહસનું દમન કરવું પણ જરૂરી છે. આજ ક્રમમાં મણિપુરમાં મ્યાંમારથી થનારી ઘૂસણખોરી પર પણ હવે લગામ લગાવવી પડશે અને માદક પદાર્થોના કારોબારને પણ કચડી નાખવો પડશે. મ્યાંમાર પણ અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યું છે, તેથી કેન્દ્ર સરકારે ક્યાંય વધુ સજાગ રહેવું પડશે. એ માનવાનાં ઘણાં કારણો છે કે મણિપુરમાં ભારત વિરોધી શક્તિઓ પણ સક્રિય છે. જો મણિપુર અશાંત રહે છે તો ભારત સરકારે પોતાની એક્ટ ઈસ્ટ નીતિને આગળ વધારવામાં મુશ્કેલી જ થશે.

## સલાયાના ખારાનાકા વારા વાછરા ડાડાની જાતર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા ખારા નાકા વારા વાછરા ડાડાની જાતરનું ભાદરવા સુદ તેરસને સોમવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સવારથી ભારે સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. અહીં વાછરા ડાડાના દર્શન કરી, નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાચીન રિવાજ મુજબ ઢોલ - શરણાઈ સાથે દાદાની જાતર ઉજવાઈ હતી. જેમાં સલાયા શહેર ભાજપ મહામંત્રી અને રઘુવંશી સમાજના અગ્રણી લાલજીભાઈ ભૂવાએ પણ પૂજન અર્ચન કરીને પૂજારી તથા ભુવા આતાના આશીર્વાદ લીધા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સ્વાતંત્ર્યની ક્યારીમાં જ પ્રેમના પુષ્પો ખીલી શકે છે.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧૫ ભાદરવી પૂનમ, અંબાજીનો મેળો, ભાગવત સપ્તાહ સમાપ્તિ, સન્યાસીના ચાતુર્માસ સમાપ્ત, મહાલય પ્રારંભ, એકમનો ક્ષય છે, એકમનું શ્રાધ્ધ, પંચક તા.૧૮ સપ્ટેમ્બર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૪, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૧ આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં મૂંઝવણ રહે.
વૃષભ:જીવનસાથી સાથે મતભેદ સર્જાય. નાણાંકીય બાબતે સંભાળવું.
મિથુન:માનસિક અશાંતિના ભોગ બનવું પડે. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક: નોકરીયાત વર્ગને લાભ થાય. મન પ્રફુલિત રહે.
સિંહ: ચિંતાનો ઉકેલ મળે. કૌટુંબિક અશાંતિ દૂર થાય.
કન્યા: અગત્યના પ્રશ્નો હલ થાય. લાભની તક સાંપડે.
તુલા: માનસિક બોજરેશન દૂર થાય. તમારા પ્રયત્નો ફળદાયી નીવડે.
વૃશ્ચિક:અકસ્માતથી સંભાળવું. ખર્ચનું પ્રમાણ વિશેષ રહે.
ધન: મનની મુરાદ મનમાં રહે. સંતાનવર્ગથી લાભ થાય.
મકર: ગૃહજીવનમાં સમસ્યાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
કુંભ: આર્થિક સમસ્યા હળવી બને. ધીરજની કસોટી થાય.
મીન: વિરોધીઓથી સાવધ રહેવું. શત્રુ પક્ષ પ્રબળ બને.

# પોરબંદર જિલ્લાના માધવપુર(ઘેડ) ગામે ભરડા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

પોરબંદર જિલ્લાના માધવપુર(ઘેડ) ગામમાં તા.૧૫-૯-૨૦૨૪ને રવિવાર, ભાદરવા સુદ બારસના રોજ સ્વ.પાર્થભાઈ રાજુભાઈ ભરડા(ઉ.વ.૧૮)નું આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે, જેઓ રાજુભાઈ ગાંગાભાઈ ભરડાના પુત્ર થાય છે. પાર્થભાઈના પિતા રાજુભાઈ દ્વારા આ કપરા દુઃખદ સમયે સામેથી ચક્ષુદાન કરવાની ઈચ્છા વ્યકત કરી આથી માંગરોળ ગૌ રક્ષા સેના સમિતિના અધ્યક્ષ સુરેશભાણ ખાચરએ શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા, રાજેશભાઈ સોલંકીએ માધવપુર સરકારી હોસ્પિટલે મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક વેરાવળ, જિ.ગીર સોમનાથને આરેણા ગામના પાર્થભાઈ વાળા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આ ચક્ષુદાનનો સ્વિકાર સંજીવની નેચર(માધવપુર બ્રાંચ)ના ટ્રસ્ટી પરેશભાઈ નિમાવત દ્વારા કરવામાં આવ્યો હતો. આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ ચક્ષુદાન સમયે માધવપુર C.H.C. સેન્ટરના મેડિકલ ઓફિસર ડો. હેતલબેન ચાંદેગરાએ પૂર્ણ સાથ અને સહકાર આપ્યો હતો અને ચક્ષુ કલેક્શનમાં હાજર રહી જરૂરી મદદ અને વ્યવસ્થા કરી આપી હતી. આ ઉપરાંત માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાના પુત્ર વિકાસભાઈ કરગઠિયાએ ચક્ષુદાન માટે જરૂરી મદદ અને વ્યવસ્થા કરી સાથે સાથે આ દુઃખદ સમયે પરિવારને સાંત્વના આપી હતી અને મોડી રાત સુધી ત્યાં હોસ્પિટલે હાજર રહ્યા હતા. રાજુભાઈના પુત્ર સ્વ.પાર્થભાઈનું ઈલેકટ્રિક શોક વાગતા આકસ્મિક અવસાન થયું હતું. આ દુઃખદ સમયે તેમના પિતાએ માધવપુર સરકારી હોસ્પિટલ ખાતે ડોક્ટર અને આગેવાનો સામે તેમના પુત્રનું અંગદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી પરંતુ અંગદાન બ્રેઈનડેડ વ્યક્તિમાં જ થઈ શકે આથી શિવમ્ ચક્ષુદાનના માધ્યમથી ચક્ષુદાન થયું છે. ભરડા પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.પાર્થભાઈને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. ભરડા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા, માંગરોળ જાયન્ટ્સ ગૃપ, વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ, સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ, સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ, ડુગરગુરૂ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જૂનાગઢ, ગીરનારી બ્લડ ગૃપ-જૂનાગઢ, ભારત વિકાસ પરિષદ, માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો, માંગરોળ ડોક્ટર એસોસિએશન, ઈન્ડિયન વુમન રાઈટ્સ એસોસિએશન-માંગરોળ તેમજ પ્રભાતફેરી ધૂન મંડળ દ્વારા બિરદાવવામાં આવે છે અને આપના પરિવાર ઉપર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમજ સ્વર્ગસ્થ પાર્થભાઈના આત્માને શ્રી કૃષ્ણના ચરણોમાં સ્થાન મળે તે પ્રાર્થના સહ શ્રધ્ધાંજલી. મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તારમાં કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલાની તપાસ કરીને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકોને કોર્નિયાથી અંધ વ્યકિત હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે. આવી વ્યકિતની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રષ્ટી ફરીથી અપાવી શકીએ છીએ.

# કેશોદ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દ્વારા હિન્દુ સંમેલન યોજવામાં આવ્યું



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદના રણછોડરાય મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગાવાહીની માતૃશક્તિ કેશોદ પ્રખંડ દ્વારા હિન્દૂ સંમેલન યોજવામાં આવેલ હતું. જેમાં ધર્મ પ્રચાર કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્રભાઈ ભવાણી દ્વારા લોકોને વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના શા માટે થઈ અને વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ વર્ષમાં હિન્દૂ હિત માટેના શુ શુ કાર્ય કરવામાં આવેલ હતા તેના વિશે માહિતી આપેલ હતી અને આવનારા સમયની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સંબોધન કરેલ હતું. આ પ્રસંગે સાધુ-સંતોની ઉપસ્થિત રહેલ હતી. જેમાં મહંત પ્રિયદાસજી મહારાજ- ઉદાસીન આશ્રમ, પ.પૂ.સ્વામીશ્રી ઘનશ્યામચરણ દાસજી -સ્વામિનારાયણ મંદિર પંચાળા,મહંતશ્રી બલરામબાપુ રણછોડરાય મંદિર,શાસ્ત્રીજી પ્રશાંતભાઈ વ્યાસ ધર્મપરચારક વિશ્વ હિન્દુ પરિષદ તથા ભાગવત કથાકાર, પૂજારી શ્રી ઉમંગભાઈ મહેતા ધર્મપરચારક વિશ્વ હિન્દુ પરિષદ, શ્રુતિમુની તોરણીયાધામ તથા ધારાસભ્ય દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલિયા તથા લખનભાઈ કામરીયા- વિશ્વ હિન્દુ પરિષદ જીલ્લા મંત્રી તાલુકા પ્રમુખ તથા મહેશભાઈ પાનશેરીયા જીલ્લા અધ્યક્ષ તેમજ વિભાગ મંત્રી અશ્વિસિંહ, ઉપાધ્યક્ષ વિઠ્ઠલભાઈ ડોબરિયા અને વિશ્વ હિન્દુ પરિષદના જીલ્લા તાલુકા શહેરના હોદેદારો વિશાલ ભાઈ ભટ્ટ, નિખિલભાઈ ઠાકર ઉપસ્થિત રહેલા તથા ભાજપ હોદેદારો આ કાર્યક્રમમાં રાજકીય આગેવાનો સામાજિક સંસ્થાઓ, રાષ્ટ્રીય સેવક સંઘ, ચેમ્બર ઓફ કોમર્સ, વ્યાપારી વિકાસ મહા મંડળ, વેપારી એસોસિએશન વગેરે ઉપસ્થિતી રહેલ હતી અને કાર્યક્રમ પૂર્ણ થયા બધા ભોજન પ્રસાદ લીધેલ હતો. કેશોદ પંથકમા છેલ્લાં ત્રીસ વર્ષથી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને ધારાસભ્ય પદે સતાધારી ભાજપ પક્ષને મતદારોએ બહુમતી આપી છે છતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં કેશોદ શહેર ભૌગોલિક દ્રષ્ટિએ ઉત્તમ કેન્દ્ર હોવાથી દેશવિરોધી અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સ્થાનિક નબળી નેતાગીરીને કારણે ફુલીફાલી છે ત્યારે હિન્દુ સંમેલનમાં મંચસ્થ શોભાયમાન મહાનુભાવો શીખ લેશે કે કેમ એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

## કેશોદ આંબાવાડી ખાતે ગજાનન ગૃપની મહિલાઓએ ગણેશોત્સવ નિમિતે ભાગવત સપ્તાહ પ્રસંગે રૂક્ષ્મણી વિવાહ કાર્યક્રમ યોજ્યો



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદના આંબાવાડી વિસ્તારમાં આવેલ બગીચા નજીક અદાણી પરા, શેરી નંબર ૪ માં ગજાનન ગ્રુપની મહિલા મંડળ દ્વારા ગણેશોત્સવ પ્રસંગે શ્રીમદ ભાગવત સપ્તાહનું જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનયજ્ઞના વકતા તરીકે શાસ્ત્રી બીરજુપ્રસાદ એસ. ઉપાધ્યાય કથા રસપાન કરાવી રહ્યાં છે જેઓનું સમસ્ત બ્રહ્મસમાજ કેશોદના પ્રમુખ રાજુભાઈ પંડ્યા ટ્રસ્ટી જયેશભાઈ દવે અગ્રણી આગેવાનો પ્રફુલ્લભાઈ પંડ્યા, રામજીભાઈ મોકરીયા, જયેશભાઈ વ્યાસ દ્વારા શાલ ઓઢાડી ખેસ પહેરાવી હર હર મહાદેવના નાદ સાથે સન્માન કર્યુ હતું. તારીખ આઠમી સપ્ટેમ્બરના રોજ શરૂ થયેલી કથાની પૂર્ણાહુતિ તારીખ ચૌદમી સપ્ટેમ્બરના રોજ થયેલી છે તે પહેલાં કથાના છઠ્ઠા દિવસે રૂક્ષ્મણી વિવાહ કાર્યક્રમ આયોજીત કરવામાં આવતાં મોટી સંખ્યામાં ભાવિક ભાઈઓ બહેનો જોડાયા હતા. આ વિવાહ પ્રસંગે ભગવાનના સામૈયા વખતે ભાવિકોએ સંગીતના સથવારે રાસ ગરબા લીધા હતાં અને ભગવાનનો જયઘોષ કરતાં વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ ગણેશોત્સવ દરમ્યાન આયોજીત કથા રસપાન દરમ્યાન કપિલ જન્મ, નૃસિંહ પ્રાગટ્ય, વામન પ્રાગટ્ય, રામ જન્મોત્સવ, કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર, શ્રી હૂંડી સહિતના ઈશ્વરના પ્રાગટય અને સાંસ્કૃતિક ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યાં હતા. આ કથા પ્રસંગ સફળ બનાવવા મહિલા મંડળના યોગીતાબેન અને અનીતાબેન સહિતના મહિલા સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કેશોદના આંબાવાડી વિસ્તારમાં અદાણીપરા શેરી નંબર ૪માં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સંગીતમય શૈલીમાં શાસ્ત્રી બીરજુપ્રસાદ એસ ઉપાધ્યાયના મુખેથી મધુર વાણી સાંભળી યજમાન પરિવાર સહિત સૌ રહીશો ભાવિકો ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

## ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિના ગૌરવમાં વધુ એક ચમકતો સિતારો વિજય વાયડાની આર્મી ઓફિસર તરીકે થઈ પસંદગી : ભવ્ય સત્કાર સમારંભ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૮

જામનગર નિવાસી વિજય કિશોરભાઈ વાયડા જેવો ભારતીય સેના ઈન્ડિયન આર્મીમાં જુનિયર કમિશ્નર ઓફિસર તરિકે પસંદગી પામીને ગુગળી જ્ઞાતિ ૫૦૫ સમસ્તનું ગૌરવ વધારેલ છે. તેમના પરિવાર દ્વારા દ્વારકા નજીક તેમના કુળદેવી શ્રી ચંદ્રભાગા માતાજી મંદિર બરડિયા મુકામે માતાજીની રાજોપચાર પૂજા અશ્વિનભાઈ પુરોહિત દ્વારા કરાવવામાં આવી હતી. ત્યારબાદ સાંજે ૭:૩૦ વાગ્યે બ્રહ્મપુરી નંબર-૧ ખાતે સત્કાર સમારંભ તથા ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય અતિથિરૂપે ધારાસભ્ય પબુભા માણેક ડિફેન્સ એકેડેમી રિટાયર્ડ આર્મી મેન રામસંગભા માણેક ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત પ્રભારી કોર્ડીનેટર ધનાભા જડિયા, ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, કારોબારી સમિતિના સભ્યો, મધ્યસ્થ સભા સદસ્યો તથા અગ્રણીઓ ઊપસ્થિત રહ્યા. આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેક દ્વારા વિજયભાઈની પ્રશંસા કરી સન્માન સાથે શુભેચ્છા પાઠવી હતી. રામસંગભા માણેક દ્વારા વિજયભાઈને પ્રાપ્ત થયેલ પોસ્ટની સમજૂતી આપવામાં આવી હતી. જ્ઞાતિ મંત્રી કપિલભાઈ વાયડા દ્વારા સમસ્ત જ્ઞાતિવતી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. વિજયભાઈ પોતાનો અનુભવ વર્ણવી સૌ કોઈનો આભાર માન્યો હતો.

# કેશોદમાં ગણેશોત્સવ નિમિત્તે આહિર મહારાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૮

કેશોદ શહેરમાં જુદાં જુદાં વિસ્તારમાં ધામધુમથી ઉત્સાહભેર ગણેશોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે આયોજકો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કેશોદના જોલી પાર્ક વિસ્તારમાં વાજતેગાજતે ગણેશ ચતુર્થીના દિવસે જોલી પાર્ક યુવક મંડળ દ્વારા ગજાનન ગણપતિ દાદાની આકર્ષક કલાત્મક મુર્તિની સ્થાપના કરવામાં આવી છે. જોલી પાર્ક આયોજીત ગણેશોત્સવમા દ્વારકા ખાતે યોજાયેલા મહારાસનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે જોલી પાર્ક વિસ્તારમાં વસવાટ કરતી આહિર સમાજની બહેનો પરંપરાગત વસ્ત્રો દાગીના પહેરીને મહારાસનું રિધ્ધિ સિધ્ધિના દાતા ગણપતિ દાદાના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. જોલી પાર્ક યુવક મંડળ આયોજિત ગણેશોત્સવ નિમિત્તે યોજવામાં આવેલ મહારાસ નિહાળવા આસપાસના રહીશો ઉમટી પડ્યા હતાં. કેશોદના જોલી પાર્ક વિસ્તારમાં ગણેશોત્સવમા દરરોજ બપોરે શિવશક્તિ ગોપી સત્સંગ મંડળ દ્વારા સત્સંગ કરવામાં આવ્યો હતો અને રાધાષ્ટમીના દિવસે દાન રાસ અને અન્નકુટ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદના અમૃતનગર મેઈન રોડ પર છેવાડે આવેલ જોલી પાર્ક સોસાયટીમાં રાત્રે આરતી બાદ વિવિધ સાંસ્કૃતિક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે અને બાળકો માટે વિવિધ પ્રકારના વ્યંજનો સાથે નાસ્તો અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવે છે. કેશોદના જોલી પાર્ક વિસ્તારમાં યોજાયેલા ગણેશોત્સવથી એકતા અને ભક્તિનું વાતાવરણ સર્જાયું છે.

## માંગરોળ : કામનાથ મહાદેવના મંદિરે મેળા બાદ સફાઈ કાર્ય કરાયું



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮

માંગરોળ નજીકના પ્રસિધ્ધ કામનાથ મહાદેવના મંદિરે દર વર્ષની જેમ શ્રાવણ માસના મેળા બાદ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. સંજીવની નેચર ફાઉન્ડેશન અને કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલયના સંયુક્ત ઉપક્રમે આયોજીત સફાઈ અભિયાનમાં ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, મામલતદાર રાજેશભાઈ પરમાર, પી.આઈ એસ.કે દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, ચોરવાડ શહેર ભાજપ પ્રમુખ મંથનમાંથી ડાભી, ઉદઘોષક રમેશભાઈ જોશી, સ્વયં સેવકો તથા બહોળી સંખ્યામાં વિધાલયની બાળાઓ ઉપસ્થિત રહી હતી. એકત્રિત થયેલા કચરાનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

# ગેમીંગ ઝોન મામલે નિષ્ફળતા બદલ રાજકોટના મ્યુનિસિપલ કમિશ્નરે કોર્ટની માફી માંગવી જોઈએ : હાઈકોર્ટ



અમદાવાદ,તા.૧૮
રાજકોટ ગેમીંગ ઝોનમાં આગર લાગવાની ઘટનામાં ૨૭ લોકોના કરૂણ મોતની ઘટના બાદ હાથ ધરવામાં આવેલી સુઓમોટો પિટિશનમાં ગુજરાત હાઈકોર્ટે રાજકોટના મ્યુનિસિપલ કમિશનરને અંગત રીતે પિડીત પરિવારોને વળતર આપવા બાબતે અને વર્ષ ૨૦૨૨માં હાઈકોર્ટને ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવાની ખાતરી આપવા છતાં આ ઘટના બની હોવાથી હાઈકોર્ટના આદેશનું પાલન કેમ નથી કરવામાં આવ્યું તેનો જવાબ રજૂ કરવા કારણ દર્શક નોટીસ કાઢવામાં આવી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતુ કે, મ્યુનિસિપલ કમિશનરે પોતાની નિષ્ફળતા સ્વિકારીને બદલ કોર્ટની માફી માગવી જોઈએ. બીજી બાજુ રાજકોટના મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉના તેમની કચેરી દ્વારા કરવામાં આવેલી કામગીરીઓ બાબતે ૧૮૦૦થી વધુ પાનાની એફિડેવીટ હાઈકોર્ટે નકારી કાઢી હતી અને તેમને પરત ખેંચી હતી. આથી કોર્ટે પોતાના હુકમનો અનાદર અને પિડિતોને અંગત રીતે વળતર કેમ ના આપવું તે બાબતે જવાબ માંગીને આવતા શુક્રવારે વધુ સુનાવણી રાખી હતી. ઉલ્લેખનીય છે કે ગત તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ફાયર સેફ્ટીને લઈને થયેલી જાહેર હિતની અરજીમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે, તમામ બિલ્ડીંગોમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવામાં આવશે અને નિતી નિયમોનું પાલન કરનારને ઈન્સ્પેક્શન અને બીજી પ્રક્રિયા જ બીયુ પરમીશન આપવામાં આવશે. પરંતુ તેમ છતાં ટીઆરપી ગેમીંગ ઝોનની આવી દુર્ઘટના બનતા અરજદાર એડવોકેટ દ્વારા બે વર્ષ પહેલા તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર દ્વારા આપવામાં આવેલી ખાતરી અને તે મુજબ આપવામાં આવેલા આદેશનો ભંગ કરવામાં આવ્યો હોવાથી જે-તે મ્યુનિસિપલ કમિશનર સામે પગલા લેવા જોઈએ તેવી માગણી હાઈકોર્ટ સમક્ષ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ ગેમીંગ ઝોન અસ્તિત્વમાં આવ્યું અને દુર્ઘટના બની તે સમયગાળામાં અમીત અરોરા, આનંદ પટેલ અને ઉદિત અગ્રવાલ મ્યુનિસિપલ કમિશનર તરીકે કાર્યરત હતા. અગાઉ અરજદાર એડવોકેટ દ્વારા કરવામાં આવેલી ફાયર સેફ્ટીના નિયમોના પાલન બાબતની જાહેર હિતની અરજીમાં (PIL/118/2020) રાજકોટ સહિત રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર દ્વારા કરવામાં આવેલી એફિડેવીટ અને તેના આધારે હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા આદેશ બાબતે ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠનું ધ્યાન દોર્યું હતું. આ એફિડેવીટમાં હાઈકોર્ટ દ્વારા ફાયર સેફ્ટી મુદ્દે અગાઉ આપવામાં આવેલા આદેશો, નિતિ નિયોનું પાલન અને તમામ ઈમારતો આપત્તિ વ્યવસ્થાપન નિયમો મુજબની સુવિધા અને ઈમારતનું ઈન્સ્પેક્શન કર્યા બાદ યોગ્ય સત્તાધીશ તરફથી પ્રમાણપત્ર આપ્યા બાદ જ બીલ્ડીંગ યુઝ પરમીશન આપવાની ખાતરી આપી હતી. જેથી ફાયર સેફ્ટીના તમામ નિયમોનું પાલન કરવામાંઆવશે અને ફાયર એનઓસી વગર બીયુ પરમીશન આપવામાં આવશે. ત્યારબાદ કોર્ટે આન નિયમોનું કડક પાલન કરવાનો આદેશ આપ્યો હતો. આ બાબત ધ્યાનમાં આવતા ચીફ જસ્ટીસે કહ્યું હતું કે આવા નિયમોમાં માત્ર કાયમી ઈમારતો જ નહી પરંતુ હંગામી ઈમારતોનો પણ સમાવેશ થાય છે. ટીઆરપી ગેમ ઝોનને તોડી પાડવાની નોટીસ આપવામાં આવી હતી પરંતુ તેનો અમલ કરાયો નહોતો. મ્યુનિસિપલ કમિશનર તેમ ના કહી શકે કે તેમના તાબાના અધિકારીએ જાણ નહોતી કરી એટલે તેઓ જવાબદાર નથી અને ટાઉન પ્લાન અને આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર દ્વારા આમ કરવામાં આવ્યું છે. અમે કોઈ એ કે બી મ્યુનિસિપલ કમિશનરની વાત નથી કરી રહ્યા પરંતુ સમગ્ર સિસ્ટમની વાત કરી રહ્યા છીએ. જયારે તેમણે સોગંધ ઉપર ખાતરી આપી હોય ત્યારે તેનું પાલન કરવું જોઈએ. તાબાના અધિકારીઓને ભલે જવાબદારીઓ આપવામાં આવી હતી પરંતુ તેમને નિરીક્ષણ કરવાની જરૂરિયાત તો હતી જ.

હાઈકોર્ટના આદેશના આધારે રચવામાં આવેલી સત્ય શોધક સમિતિ દ્વારા રજૂ કરાયેલા અહેવાલને હાઈકોર્ટે ધ્યાનમાં લીધો નહોતો. આ અહેવાલમાં મ્યુનિસિપલ કમિશનરોને જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા કારણ કે તેમના તાબાના અધિકારીઓએ તેમને ગેમીંગ ઝોન બાબતે માહિતી આપી નહોતી. પંરતુ હાઈકોર્ટે આજે એવું જણાવ્યું હતું કે, અમે સમિતિનો રિપોર્ટ ધ્યાનમાં લઈશું નહી કારણ કે તેઓએ મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉ આપવામાં આવેલી ખાતરી બાબતે કોઈ ફોડ પાડ્યો નથી. કોઈપણ મ્યુનિસિપલ કમિશનરને હાઈકોર્ટના આદેશને અવગણવાની મંજૂરી આપી શકાય નહી. તેઓ એવું ના કહી શકે કે તાબાના અધિકારીએ જાણ કરી નહોતી, સત્તાઓ તેઓને આપવામાં આવી હતી એટલે નિર્દોષ છે. હાઈકોર્ટ સ્પષ્ટ જણાવ્યું હતું કે, આ બાબતે સંદેશ જવો જોઈએ જેથી અધિકારીઓ આવું બીજીવાર કરે નહી. જો કશું કરવામાં નહી આવે તો પોતાને સુરક્ષિત માનીને તેઓ રાજી જ રહેવાના છે. જો દાખલો નહી બેસાડવામાં આવે તો સ્થિતી ઠેરની ઠેર જ થઈ જવાની છે. તેમણે પોતાની જવાબદારી સમજીને કંઈક આપવું જોઈએ. તેમણે માફી માગવી જોઈએ. કોર્ટના આદેશનું વારંવાર અવગણના કરવામાં આવે છે. અધિકારીઓ ભ્રમિત એફિડેવીટો દાખલ કરે છે. આ બનાવ એટલા માટે બન્યો છે કે, તંત્ર ઉપર અંકુશ નથી. જો અંકુશ હોત તો આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. જો સંસ્થાના વડા નબળા હોય અને અંકુશ ના હોય તો તેઓ પોતાને નિર્દોષ કહી શકે નહી. જો તેઓ પોતાની ફરજ ગંભીરતાથી બજાવે નહી તો તે દોષિત જ ગણાય. તેઓએ યોગ્ય કામગીરી કરવાની ખાતરી બે વર્ષ પહેલા જ આપી દીધી હતી. આથી ફરજમાં બેદરકારી બદલ જવાબદાર ઠેરવવા માટે તેમને નોટીસ આપવી જોઈએ. એક બાજુ તંત્રમાં આટલા બધા છીંડા છે અને તેની ભૂલ સ્વિકારીને માફી માંગવી જોઈએ. તમે ભૂલ સ્વિકારતા નથી અને તમારી કામગીરીને યોગ્ય ઠરાવવાનો પ્રયાસ કરો છો. સવાલ એ છે કે તમે અગાઉ કોર્ટને ખાતરી આપી હતી અને હવે તેનો જવાબ આપવાનો રહેશે. ત્યારબાદ કોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો.

# રાજ્યભરમાં લોક અદાલતો થકી અદાલતોમાં પેન્ડિંગ ૨.૪૬ લાખ સહિત કુલ ૫.૪૪લાખ કેસોનો નિકાલ




અમદાવાદ, તા.૧૮
ગુજરાત સહિત દેશભરમાં તાજેતરમાં રાષ્ટ્રીય લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજયમાં પણ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ અને સ્થાનિક જિલ્લા સેવા સમિતિઓ દ્વારા જિલ્લાતાલુકા કોર્ટોમાં વિવિધ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયમાં સ્પેશ્યલ સીટીંગ ડિસ્પોઝલ અને પ્રિ લીટીગેશન્સના કેસો મળી કુલ પાંચ લાખ, ૪૪ હજાર, ૧૧૩થી વધુ કેસોનો નિકાલ કરવા સાથે ગુજરાત ન્યાયતંત્રએ રાજયની લોક અદાલતના કેસોના નિકાલની નોંધનીય આંકડાકીય સિદ્ધિ હાંસલ કરી છે. આ કેસોમાં બે લાખ, ૪૬ હજાર, ૮૬૭ કેસો અદાલતમાં પેન્ડીંગ અને બે લાખ, ૯૭ હજાર, ૨૪૬ પ્રિ લીટીગેશન્સના કેસો છે.

હાલમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં આશરે કુલ ૧,૩૦૦ કરોડના વળતર અને સમાધાનકારી નિકાલની કામગીરી હાથ ધરાઈ હતી. દસ વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડીંગ એવા ૪,૬૧૩ કેસોનો નિકાલ કરાયો છે. ગુજરાતભરમાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલત દરમ્યાન ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બીરેન વૈષ્ણવ અને જસ્ટિસ ભાર્ગવ ડી.કારીઆ દ્વારા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ રાહુલ ત્રિવેદી સહિતના મહાનુભાવોની હાજરીમાં એમએસીટીના વિવિધ કેસોમાં પીડિતો અને આશ્રિતોને વળતરની રકના ચેકો અર્પણ કરાયા હતા. અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં એમએસિટીના ૧૧ વર્ષ જૂના એક કેસમાં રૂા.એક કરોડ અને ૩૦ લાખ રૂપિયા જેટલું મહત્તમ વળતર ચૂકવાયું હતું. જસ્ટિસ બીરેન વૈષ્ણવ અને જસ્ટિસ ભાર્ગવ ડી.કારીઆ દ્વારા ભોગ બનનારની માતાને રૂા.૧.૩૦ કરોડનો ચેક અર્પણ કર્યો હતો. સિટી સિવિલ કોર્ટ ખાતે યોજાયેલી લોક અદાલતમાં કોર્ટમાં પડતર, અન્ય દિવાની, સમાધાન લાયક ફોજદારી, વાહન અકસ્માતના વળતરના કેસો મળી કુલ ૧૨૦૦થી વધુ કેસોનો નિકાલ કરાયો હતો, જેમાં કુલ રૂા.૧૬ કરોડ, ૬૫ લાખ, ૪૮ હજાર, ૨૭૬ જેટલી રકમનું વળતર ચૂકવાયું હતું. રાજયભરની લોક અદાલતોમાં લગ્નજીવનની તકરારને લગતા આશરે ચાર હજાર જેટલા કેસોનો સમાધાનકારી નિકાલ કરાયો હતો. તો, ઈ-ચલણના કુલ ૨,૫૭,૧૮૩ કેસોમાં રૂા.૧૫.૨૩ કરોડની વસૂલાત સાથે નિકાલ કરાયો હતો. રાષ્ટ્રીય લોક અદાલતમાં મોટાપાયે કેસોનો નિકાલ થતાં પીડિતો-આશ્રિતોને વળતરની સાથે સાથે કેસ નિકાલમાં રાહત મળી હતી, તેઓએ પણ રાજય ન્યાયતંત્ર અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળની સેવા પરત્વે આભાર વ્યકત કર્યો હતો. દરમ્યાન ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચમાં મોટર વાહન અકસ્માતના એક કેસમાં એસબીઆઈ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીના વકીલ કિર્તી એસ.પાઠક દ્વારા હકારાત્મક અભિગમ અપનાવી પીડિતોને વીમાની પૂરી રકમ રૂા.૨૦ લાખનો કલેઈમ સેટલ કરવામાં આવ્યો હતો. જેને પગલે સ્ટેટ કમીશનના પ્રમુખ જસ્ટિસ આશુતોષ જે.શાસ્ત્રી દ્વારા લોક અદાલત દરમ્યાન પીડિતોને રૂા.૨૦ લાખનો ચેક અર્પણ કરાયો હતો.

# ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર મનસુખ સાગઠિયાના બંગલા ઉપર ફરશે બુલડોઝર

અમદાવાદ, તા.૧૮
રાજકોટ TRP ગેમ ઝોન દુર્ઘટનાનાં મુખ્ય આરોપીનો બંગલો તોડી પાડવામાં આવશે. ત્યારે ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લેનાર મહાભ્રષ્ટ્ર મનસુખ સાગઠિયા વિરૂધ્ધ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આગામી સમયમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે. યુનિવર્સિટી રોડ ઉપર બની રહેલ બંગલો તોડી પાડવામાં આવશે. લાંચની રકમથી તૈયાર થયેલો આલિશાન બંગલો ગમે ત્યારે તોડી પાડવામાં આવશે. રાજકોટ મહાનગર પાલિકાએ બંગલો તોડવાની તૈયારીઓ પણ શરૂ કર્યાનો સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. મહાનગર પાલિકા દ્વારા મનસુખ સાગઠિયાનાં આલિશાન બંગલાની વિગતો મંગાવવામાં આવી છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ કેસમાં સંડોવાયેલા સસ્પેન્ડેડ મનસુખ સાગઠીયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો છે. એન્ટીકરપ્શન બ્યુરોએ ફરિયાદ નોંધીને સાગઠીયા સાથે સંકળાયેલ ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં સાગઠીયા પાસેથી ૧૦ કરોડ ૫૫ લાખની વધુની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. ઉલ્લેખનીય છે કે, એન્ટીકરપ્શન બ્યુરોએ સાગઠીયાની આવક ૪૧૦ ટકા વધતા દરોડા પાડ્યા હતા. રાજકોટમાં સાગઠીયાની ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતીગ્રામમાં બંગલો મળી આવ્યો હતો. તો બીજી આ મુદ્દે કાર્યવાહીનો દોર ચાલી રહ્યો છે. ત્યારે હવે SITનો રિપોર્ટ પણ તૈયાર થઈ ગયો છે.

# બોર્ડની પરીક્ષાના પેપર ચકાસણીમાં ભૂલ કરનારા ૬૩ શિક્ષકોને દંડ ફટકાયો

અમદાવાદ, તા.૧૮
ધોરણ ૧૦ અને૧૨ના બોર્ડની પરીક્ષાના પેપર ચકાસણીમાં શિક્ષકોની ભૂલ સામે આવી છે. રાજકોટના ૬૩ શિક્ષકોને રૂપિયા ૯૨૦૦૦નો દંડ ફટકાર્યો છે. બોર્ડના પેપર ચેકિંગમાં ૧૦ થી ૪૦ માર્કની ભૂલ કરી છે. પેપર ચકાસણીમાં ભૂલ કરતા શિક્ષકોને દંડ ફટકારવામાં આવ્યો છે. માત્ર વિદ્યાર્થીઓ પેપરમાં ભૂલ કરે એવું નથી, શિક્ષકો પણ કરી શકે છે. ૬૩ શિક્ષકે પેપર ચેકીંગમાં ૧૦થી૪૦ માર્કને લઈ ભૂલ કરી છે. જેમાં ગયા વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં પેપર ચેકીંગમાં મોટા પ્રમાણમાં ભૂલો કરવામાં આવી હતી. ધોરણ ૧૦ અને ૧૨ ના પેપરની તપાસ કરનારા શિક્ષકોને ૯૨,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. બોર્ડની પરીક્ષામાં પેપરો તપાસતી વખતે ભૂલો ના રહે તે માટે બોર્ડ દ્વારા મૂલ્યાંકનકાર, વેરીફાયર, સમિક્ષક અને કો-ઓર્ડીનેટરની નિમણૂંક કરાતી હોય છે. એકવાર પેપરો તપાસયા બાદ માર્કસ લખવામાં ભૂલ નથી કે માર્કસ લખાયા નથી કે જવાબો તપાસાયા છે કે નથી ? આ તમામ બાબતોની ઝીણવટભરી તપાસ થયા પછી જ પેપરો તપાસીને ગાંધીનગર મોકલવામાં આવે છે. આટલી ફુલપ્રુફ સિસ્ટમ હોવા છતા તપાસવામાં આવેલા પેપરોની ફરી ચકાસણી થાય છે તો કેટલાક શિક્ષકો માર્કસ મુકવાના ભૂલી જાય છે. કેટલાક શિક્ષકો પ્રશ્ન તપાસીને ત્યાં જવાબ લખવાના ભૂલી જાય છે.આવી ભૂલોના કારણે વિદ્યાર્થીઓને નુકસાન થતુ હોય છે. આથી જ શહેર અને જિલ્લામાં પેપરો તપાસતી વખતે ભૂલો કરનારા શિક્ષકોને બોર્ડે નોટીસ ફટકારી હતી કે આપને સોંપેલી કામગીરીમાં બેદરકારી રાખી ક્ષતિઓ કરેલ હોવાનું જણાય આવે છે. જેને કારણે બોર્ડની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. તેમજ વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેંડા થયેલ હોવાનું જણાય છે.

# PSI તથા લોક રક્ષક ભરતીની શારીરિક કસોટી ૧૫ નવેમ્બરની આસપાસ યોજાશે

અમદાવાદ, તા.૧૮
રાજ્યમાં PSI તથા લોકરક્ષક ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ભરતીને લઈ મોટા સમાચાર આપ્યા છે. PSI તથા લોકરક્ષક ભરતીની શારીરિક કસોટી તા.૧૫ નવેમ્બરની આસપાસ શરૂ થશે. શારિરીક પરીક્ષા બાદ ઝડપથી લેખિત પરીક્ષા લેવામાં આવશે. એપ્રિલ મહિનામાં લોકરક્ષક અને PSI ભરતી માટે અરજીઓ મંગાવાઈ હતી અને બીજા તબક્કામાં ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી મંગાવી હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું કે, એપ્રિલ મહિનામાં લોકરક્ષક અને PSI ભરતી માટે અરજીઓ મંગાવાઈ હતી. એ વખતે એ ઉમેદવારો તરફથી એવી રજૂઆત હતી કે એ વખતે કોલેજ અને શાળાની પરીક્ષાના પરિણામ આવ્યા હતા, અને આપણે ઉનાળઅને ચોમાસાના કારણે તરત જ શારીરિક કસોટી લેવાના ન હતા, એટલે એવા ઉમેદવારો કે જેઓએ એપ્રિલમાં પરીક્ષા આપી હતી, એવા ઉમેદવારોને પણ તક મળે એટલા માટે ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી મંગાવવામાં આવી હતી. ઉમેદવારોની અરજીના કારણે બીજા તબક્કામાં અરજી કરવાની તક અપાઈ હતી. અરજીની વિગતો આપતા હસમુખ પટેલે જણાવ્યું કે, એપ્રિલમાં PSI માટે ૪.૪૭ લાખ અરજીઓ, લોકરક્ષક માટે ૯.૭૦ લાખ અરજી આવી હતી. આ પછી બીજા તબક્કામાં PSI માટે ૫૧,૮૦૦ અરજીઓ અને લોકરક્ષક માટે ૧.૩૫ લાખ અરજી આવી છે. તો બંને તબક્કા મળીને અત્યાર સુધીમાં PSI માટે ૪.૯૯ લાખ જેટલી અરજી અને લોકરક્ષક માટે ૧૧.૦૫ લાખ અરજીઓ મળી છે. હવે નવેમ્બરમાં શારીરિક કસોટીનું આયોજન થશે. સૌથી પહેલાં PSIની ૨ લેખિત પરીક્ષા લેવાશે. શારીરિક પરિક્ષા પછી તરત જ PSIની ડિસેમ્બરમાં લેખિત પરીક્ષા લેવાશે. તોઓએ વધુમાં જણાવ્યું કે, જે ઉમેદવારે બંને પોસ્ટ માટે અરજી કરી છે, તો તે ઉમેદવારે માત્ર એક જ વાર શારીરિક કસોટી આપવાની રહેશે. સાથે જ તેમણે કહ્યું કે ઉમેદવારોએ તંત્ર ઉપર ભરોસો રાખીને મહેનત કરીને સફળ થવાનો પ્રયત્ન કરવો. ગઈ વખતે પણ ઉમેદવારોએ પૈસા આપીને ભરતી થવાનો પ્રયત્ન કરેલો, ત્યારે છેતરનાર લોકો સામે કાર્યવાહી કરાઈ છે. એટલે જ ઉમેદવારોને સલાહ છે કે આવા કોઈ પ્રયાસો કરશો નહીં.

# શેખ હસીનાના દેશનિકાલ પછી બાંગ્લાદેશમાં ઉર્દૂ અને જિન્નાહ તરફી વલણ જોવા મળી રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૮
બાંગ્લાદેશમાં પાકિસ્તાન સમર્થિત BNP અને જમાતના સમર્થન સાથે વિદ્યાર્થીઓના ભારે વિરોધ બાદ પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના દેશ છોડીને નાસી ગયા બાદ લશ્કરની આગેવાની હેઠળની વચગાળાની સરકારે સત્તા સંભાળ્યાના એક મહિના બાદ આ રાષ્ટ્રમાં પાકિસ્તાનના સ્થાપક મુહમ્મદ અલી ઝીણાની ૭૬મી પુણ્યતિથિની ઉજવણી બાંગ્લાદેશના ઢાકામાં ઉર્દૂ કવિતા અને ગીતો સાથે કરવામાં આવી હતી. બાંગ્લાદેશના ઈતિહાસમાં આ પહેલીવાર હતું જ્યારે ઢાકામાં જિન્નાહની પુણ્યતિથિની ઉજવણી કરવામાં આવી હતી. વકતાઓએ એમ પણ કહ્યું કે, જિન્નાહ વિના બાંગ્લાદેશનું અસ્તિત્વ જ ન હોત. આ ઘટના કેટલાક લોકો માટે આનંદની વાત હતી, ઉર્દૂ, જિન્નાહ અને પાકિસ્તાન હજુ પણ તેના લોકોના એક વર્ગના મનમાં લોહિયાળ સ્મૃતિ ધરાવે છે.

બાંગ્લાદેશી સમાચાર આઉટલેટ ઢાકા ટ્રિબ્યુને અહેવાલ આપ્યો છે કે, પાકિસ્તાનના સ્થાપક મુહમ્મદ અલી જિન્નાહની ૭૬મી પુણ્યતિથિ તાજેતરમાં ઢાકામાં નેશનલ પ્રેસ કલબ ખાતે ઉજવવામાં આવી હતી, જેમાં ઉર્દૂ કવિતાના પઠન અને સંગીતના કાર્યક્રમો યોજાયા હતા. નવાબ સલીમુલ્લા એકેડેમી દ્વારા તોફાઝલ હુસૈન માણિક મિયાં હોલમાં આયોજિત આ કાર્યક્રમમાં કેટલાક વક્તાઓએ પાકિસ્તાનના નિર્માણમાં જિન્નાહની નિર્ણાયક ભૂમિકા ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, તેમના વિના બાંગ્લાદેશ અસ્તિત્વમાં ન હોત.

૧૯૭૧માં બાંગલાદેશની સ્વતંત્રતા સુધી પાકિસ્તાન દ્વારા નરસંહારમાં લાખો લોકો માર્યા ગયા હતા, હજારો બળાત્કાર થયા હતા. ૧૯૫૨ની શરૂઆતમાં પૂર્વ પાકિસ્તાને સરકાર, શિક્ષણ, મીડિયા, ચલણ, સ્ટેમ્પ અને તેની લિપિ જાળવી રાખવા માટે બાંગ્લાને સહ-સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવાની હિમાયત વિરોધ જોયા હતા. આ વિરોધ પ્રદર્શનમાં પશ્ચિમ-પ્રભુત્વ ધરાવતા ઉર્દૂ- લાદવા પાકિસ્તાની શાસન દ્વારા ભારે કાર્યવાહી કરવામાં આવી હતી. બાંગ્લા ભાષા તરફી આંદોલનમાં પોલીસ ગોળીબારમાં ડઝનેક લોકો માર્યા ગયા હતા અને તેમાંથી પાંચને બાંગ્લાદેશ સરકારે શહીદ તરીકે માન્યતા આપી છે. પ્રોફેસર મુસ્તાફિઝુર રહેમાને એક મુખ્ય પેપર રજૂ કર્યું જેમાં જિન્નાહના જીવનના સીમાચિહ્નો હતા. જાફરૂલ હક જાફરે જિન્નાહ વિશે ઉર્દૂ કવિતા સંભળાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને પાકિસ્તાની વિદ્યાર્થીઓ મોહમ્મદ તાહિર અને કામરાન અબ્બાસે તેમને સમર્પિત ઉર્દૂ ગીતો રજૂ કર્યા. બાંગ્લાદેશી સમાચાર આઉટલેટ ઢાકા ટ્રિબ્યુને અહેવાલ આપ્યો હતો કે, અકાદમીના પ્રમુખ મુહમ્મદ અબ્દુલ જબ્બારે આ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

એક વિવાદાસ્પદ નિવેદનમાં મોહમ્મદ સમસુદ્દીને જણાવ્યું હતું કે, પાકિસ્તાન વિના બાંગ્લાદેશનું કાશ્મીર જેવું જ ભાવિ થયું હોત. તેમણે માત્ર પાકિસ્તાનના નિર્માણ માટે જ નહીં પરંતુ બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે પણ ઝીણાના પ્રયત્નોને શ્રેય આપ્યો હતો. તેમણે કહ્યું કે, જો આપણે ૧૯૪૭માં પાકિસ્તાનનો ભાગ ન હોત તો આજે બાંગ્લાદેશનું અસ્તિત્વ ન હોત. તેમણે કહ્યું, ઢાકા યુનિવર્સિટી કેમ્પસમાં 'અલ્લામા ઈકબાલ હોલ' અથવા 'જિન્નાહ એવન્યુ' જેવા નામો હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તે નવી દિલ્હીના હિતો હતા. એક વકતા નઝરૂલ ઈસ્લામે કહ્યું કે, જિન્નાહ આપણા રાષ્ટ્રના પિતા છે, પરંતુ અમે તેને સ્વીકારતા નથી. આપણે પાકિસ્તાન સાથેની અમારી ભાઈચારાની જાળવણી કરવી જોઈએ. હસીનાના ગયા પછી જિન્નાહને શ્રદ્ધાંજલિ શું ઢાકા ઈતિહાસનું પુર્નઃ લેખન કરી રહ્યું છે ? હસીના પછીના બાંગ્લાદેશમાં જિન્નાહના વારસાની ઉજવણી એક વિચિત્ર સંયોગ છે. તદુપરાંત ૧૯૭૧ સુધી પૂર્વ પાકિસ્તાનમાં પાકિસ્તાની દુઃસાહસો દક્ષિણ એશિયાના ઈતિહાસનો સૌથી કાળો અધ્યાય હતા. જિન્નાહની યાદ ઉપર પ્રતિક્રિયા આપતા ઢાકા સ્થિત પત્રકાર સલાહઉદ્દીન શોએબ ચૌધરીએ કહ્યું કે, તે આપણા સ્વતંત્રતાના યુદ્ધ ઉપર એક થપ્પડ હતી, જેમાં ૩૦ લાખ બંગાળીઓએ તેમના જીવનનું બલિદાન આપ્યું હતું. હું અવાચક છું ! ઈસ્લામાબાદ સ્થિત વિશ્લેષક અશફાક હસને પૂછ્યું કે, શું બાંગ્લાદેશ ઈતિહાસ ફરીથી લખી રહ્યું છે.

શેખ હસીના જે ૨૦૦૮થી આ વર્ષના ઓગસ્ટ સુધી બાંગ્લાદેશના વડાપ્રધાન હતા, તેમણે તેમના શાસન દરમ્યાન પાકિસ્તાની અને કટ્ટરપંથી ઈસ્લામિક તત્ત્વો ઉપર કડક કાર્યવાહી કરી હતી. ૧૫ વર્ષ સુધી ચાલેલા તેણીના શાસનમાં આવા તત્ત્વોને બાકાત રાખવામાં આવ્યા હતા અને દબાવવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રમાં જિન્નાહ માટે ઉજવણી આઘાતજનક છે. આ શ્રદ્ધાંજલિ એવા પ્રશ્નો ઊભા કરે છે કે, શું બાંગ્લાદેશ તેના ઈતિહાસને ફરીથી લખી રહ્યું છે ?

### રિલાયન્સ જી-૧ સિનિયર મેન T૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪માં

# ગુજરાતને ૧૦૮ રનમાં ઓલઆઉટ કરી સૌરાષ્ટ્રની ટીમ-A એ ફાઈનલ મેચ ૪ વિકેટે જીતી બની ચેમ્પિયન



રાજકોટ, તા.૧૮

રિલાયન્સ જી-૧ સિનિયર મેન ટી૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૪-૨૫ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્ર ટીમ A vs ગુજરાત વચ્ચેની ફાઈનલ મેચ રમાઈ હતી. સૌરાષ્ટ્રની ટીમ A એ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે ૧૯.૩ ઓવરમાં ૧૦૮ રન ઓલઆઉટ કર્યા હતા. આર્ય દેસાઈએ ૨૬ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી ૨૯ રન બનાવ્યા હતા. હેમાંગ પટેલે ૧૭, સૌરવ ચૌહાણ અને પ્રિયેશ પટેલે ૧૪-૧૪ રન બનાવ્યા હતા. દેવાંગ કરમટા, પ્રેરક માંકડ, અંકુર પંવાર અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ૨-૨ વિકેટ લીધી હતી. પ્રણવ કારિયાએ એક વિકેટ લીધી હતી.

સૌરાષ્ટ્રની ટીમ A એ ૧૫.૩ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૦૯ રન બનાવ્યા હતા. રક્ષિત મહેતાએ ૨૮ બોલમાં ૩ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૦ રન બનાવ્યા હતા. જય ગોહિલે ૧૫ બોલમાં ૨ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૨૯ રન બનાવ્યા હતા. પ્રેરક માંકડે ૨૨ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી અણનમ ૨૮ રન બનાવ્યા હતા. રવિ બિશ્નોઈએ ૪ ઓવરમાં ૧૭ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. વિશાલ જયસ્વાલે ૨ વિકેટ લીધી હતી. સૌરાષ્ટ્રની ટીમ A એ ફાઈનલ મેચ ૪ વિકેટે જીતી અને રિલાયન્સ જી-૧ સિનિયર મેન T૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૩-૨૪ની ચેમ્પિયન બની.

ટુર્નામેન્ટની રનર્સ અપ ટ્રોફી સુકાની ચિંતન ગજા - ટીમ ગુજરાતને હિમાંશુ શાહ દ્વારા એનાયત કરવામાં આવી હતી. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી. ટુર્નામેન્ટની ચેમ્પિયન્સ ટ્રોફી સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહ દ્વારા સુકાની હાર્વિક દેસાઈ - ટીમ સૌરાષ્ટ્રને એનાયત કરવામાં આવી હતી. જયદેવ શાહે બંને ટીમોને તેમના નોંધપાત્ર દેખાવ બદલ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી શાહે વ્યક્ત કર્યું, "બીસીસીઆઈના કિકસ્ટાર્ટની સ્થાનિક સિઝન પહેલા આ ટુર્નામેન્ટનું ઘણું મહત્વ છે. ત્રણ એસોસિએશન, ગુજરાત ક્રિકેટ એસોસિએશન, બરોડા ક્રિકેટ એસોસિએશન અને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની તમામ સહભાગી ટીમોએ સારૂં પ્રદર્શન કર્યું અને હું તેમાંથી એક BCCIની પ્રતિષ્ઠિત સૈયદ મુશ્તાક અલી T૨૦ ટૂર્નામેન્ટ ૨૦૨૪-૨૫ની ચેમ્પિયન બને તેવી હું હૃદયપૂર્વક ઈચ્છું છું. હું જી-૧ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે રિલાયન્સના મૂલ્યવાન સમર્થનનો હૃદયપૂર્વક આભાર અને પ્રશંસા કરૂં છું."

સૌરાષ્ટ્રની ટીમ એ માં હાર્વિક દેસાઈ - કેપ્ટન અને વિકેટ કીપર-બદલાયેલ ખેલાડી, ચિરાગ જાની, ધર્મેન્દ્રસિંહ જાડેજા, પ્રેરક માંકડ, તરંગ ગોહેલ, જય ગોહિલ, રક્ષિત મહેતા - ઈમ્પેક્ટ પ્લેયર, પાર્શ્વરાજ રાણા, વિશ્વરાજ જાડેજા, દેવનાગ કરમતા, અંકુર પંવાર, પ્રણવ કારિયા, ગુજરાત- ચિંતન ગજા - કેપ્ટન, આર્યા દેસાઈ - બદલાયેલ ખેલાડી, ઉર્વિલ પટેલ - વિકેટ કીપર સૌરવ ચૌહાણ, પ્રિયેશ પટેલ, ઋષિ પટેલ, વિશાલ જયસ્વાલ, ક્ષિતિજ પટેલ- ઈમ્પેક્ટ પ્લેયર, રીપલ પટેલ, હેમાંગ પટેલ, રવિ બિશ્નોઈ, અરઝાન નાગવાસવાલાનો સમાવેશ થયેલ છે. રિલાયન્સ જી-૧ સિનિયર મેન T૨૦ ટુર્નામેન્ટ ૨૦૨૪-૨૫ મેચોનું સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનની યુ-ટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

### માંગરોળ ખાતે એકતા ફાઉન્ડેશન દ્વારા ૫ માં

# મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું : ૧૬૨ રક્તદાતાઓએ રક્તદાન કર્યું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૮




માંગરોળ ખાતે એકતા ફાઉન્ડેશન દ્વારા ઈદે મિલાદુન નબીના પવિત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે મેગાબ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૬૨ જેટલા રક્તદાઓએ રકતદાન કર્યું હતું. ખાસ કરીને થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓ, બ્લડ કેન્સરના દર્દીઓ , બ્લડ ઓછું હોવું અને અકસ્માત સમયે બ્લડની ખૂબ જ જરૂરિયાત રહે છે જેમાં મદદરૂપ થવાના હેતુથી આ બ્લડ કેમ્પ યોજાયો હતો. એકતા ફાઉન્ડેશન દ્વારા ૫ સફળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૦૦થી વધુ રક્તની બોટલો એકઠી કરવામાં આવી છે. એકતા ફાઉન્ડેશન દ્વારા રક્તદાન સહીત વિધાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટેના ફોર્મ તેમજ દર્દી તેમજ જરૂરીયાત મંદો માટે વિવિધ સહાય અને કુદરતી કે માનવ સર્જિત આફતો વખતે લોક ઉપયોગી કામો અને લોક જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. દર વખતની જેમ આ વખતે પણ રક્તદાન માટે મહાનુભવો અને સામાન્ય મજુર વર્ગના લોકો પણ ઉમટી પડ્યા હતા. નાથાણી બ્લડ બેન્ક રાજકોટ અને લાઈફ લાઈન બ્લડ બેન્ક જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ બ્લડ કેમ્પને સફળ બનાવવા એકતા ફાઉન્ડેશન ના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ભાજપ-કોંગ્રેસના રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લાની જિલ્લા કક્ષાની યોગાસન ચેમ્પિયનશિપ પૂર્ણ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૮

જી.વાય.એસ.એ જનરલ સેક્રેટરી ઉમંગસર ડોનના માર્ગદર્શન હેઠળ જે.વાય.એસ.એ અંતર્ગત જામનગર જિલ્લાની જિલ્લા કક્ષાની યોગાસના સ્પર્ધાનું ગઈકાલે કોપરસીટી પાસે આવેલ આકાશ પબ્લિક સ્કૂલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડી. ડી. ગોરીયા સાહેબ મેનેજિંગ ટ્રસ્ટી દ્વારા સ્પોન્સરશિપ આપવામાં આવી હતી સાથે ડી.એમ.આંબલીયા પૂર્વ.સમાજ કલ્યાણ અધિકારી,ભીમશીભાઈ કાંબરીયા સંચાલક આકાશ પબ્લિક સ્કૂલ,સુરેશ ભીંડી પૂર્વ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ, એસ.એમ. બરદિયાવડ્રા એન્જીનીયર, ભીમશિભાઈ માળિયા બી.ઓ.બી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.વિશેષમાં અતિથિ તરીકે ડી.વાય.એસ.એ માંથી લખનભાઈ વારોતરીયા અને દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ સામાજિક કાર્યકર તથા કોચ સન્નીભાઈ પુરોહિતે ઉપસ્થિત રહી ખેલાડીઓનો જોશ



અને જુસ્સો વધાર્યો હતો.જે.વાય.એ પ્રેસિડેન્ટ અને ૫ વખત આંતરરાષ્ટ્રીય ધોરણે યોગ ક્ષેત્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ડો.ભારતીબેન સોલંકી તથા તેમની ટીમના કરનભાઈ બેરા, કરનભાઈ પ્રજાપતિ, રેખાબેન ખૂંટી, દીપેશ ગૌસ્વામી, સુનિલ બાગડા વગેરેની પ્રસંસનીય કામગીરી રહી. ૧૦ વર્ષથી ૫૫ વર્ષ સુધીના ખેલાડીઓએ સબજુનિયર, જુનિયર, સિનિયર, સિનિયર A, સિનિયર B તેમજ સિનિયર C કેટેગરીમાં ભાગ લીધો હતો.જામનગર જિલ્લાની આ કોમ્પિટિશનમાં સ્પર્ધકોએ અનેક ઈવેન્ટોમાં વિજેતા બની જિલ્લામાં નામ રોશન કર્યું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ GSECLના 15 MWના સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું

### પ્લાન્ટની ડિઝાઈન, EPC અને કમિશનિંગ પ્રોઝીલ ઈન્ફ્રા રિન્યુએબલ દ્વારા હાથ ધરવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન સોમવારે મોરબી જિલ્લાના વિઠ્ઠલપર ખાતે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL)ના 15 MWના ગ્રીન-કનેક્ટેડ સોલાર પાવર પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઊર્જામંત્રી કનુભાઈ દેસાઈની હાજરીમાં ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. રૂ.૯૫.૫ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવ્યો છે. તે વર્ષિક ૩૦.૮૮ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, અને ૨૪,૦૦૦ ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરશે, જે ગ્રીન એનર્જી અંગે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ સ્થાનિક ખેડૂતોને સસ્તી વીજળી પૂરી પાડશે. દિવસના સમયે વીજ પુરવઠો પૂરો પાડીને સ્થાનિક અર્થતંત્રને મજબૂત કરવામાં મદદ કરશે.

ભારતમાં ગ્રીન એનર્જીના પ્રણેતા, અમદાવાદ સ્થિત પ્રોઝીલ ગ્રીન એનર્જી લિમિટેડના સહયોગી પ્રોઝીલ ઈન્ફ્રા રિન્યુએબલ દ્વારા ડિઝાઈન, એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન, ટેસ્ટિંગ, કમિશનિંગ અને ઓપરેશનની સમગ્ર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ માઈલસ્ટોન અંગે વાત કરતા પ્રોઝીલ ગ્રીન એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મનન ઠક્કરે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલ 15 MW ગ્રીન કનેક્ટેડ સોલાર પીવી પ્રોજેક્ટનો ભાગ બનતા અમે ગર્વ અનુભવીએ છીએ. આ પ્રોજેક્ટ પ્રદેશની ગ્રીન એનર્જીની જરૂરિયાતને પહોંચી વળવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં યોગદાન આપશે. EPCના ભાગીદાર તરીકે અમે ગુજરાતના ડીકાર્બોનાઈઝેશનના પ્રયાસોમાં યોગદાન આપવા અને સ્વચ્છ ઉર્જાના રાજ્યના પ્રયાસમાં સમર્થન આપવા બદલ ગર્વ અનુભવીએ છીએ. GSECL સાથે વધુ પ્રોજેક્ટ ઉપર કામ ચાલુ છે, અમે ભારતના પર્યાવરણીય ધ્યેય સાથે સુસંગત એવા મજબૂત ઊર્જા વિકલ્પો આપવા માટે પ્રતિબદ્ધ છીએ." પ્રોઝીલ ઈન્ફ્રા રિન્યુએબલને GSECL દ્વારા સાત સોલાર પાવર પ્રોજેક્ટની ડિઝાઈન, એન્જિનિયરિંગ, સપ્લાય, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન, ઈરેક્શન, ટેસ્ટિંગ, કમિશનિંગ અને ઓપરેશનનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. અંદાજે રૂ.૭૫૦ કરોડના અને ૧૩૧ સ્ઉની સક્ષમતા ધરાવતા આ પ્રોજેક્ટ બાંધકામ હેઠળ છે અને આગામી છથી આઠ મહિનામાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ્સ સરકારી પડતર જમીન ઉપર તૈયાર થઈ રહ્યાં છે. આ જમીનનો મહત્તમ ઉપયોગ ટકાઉ ઊર્જા ઉત્પાદનને સમર્થન આપે છે. પ્રોઝીલ ગ્રીન એનર્જી લિમિટેડે તાજેતરમાં નેપાળના અગ્રણી બિઝનેસ જૂથ ગોલ્યાન પાવર લિમિટેડ સાથે નેપાળમાં સોલાર રૂફટોપ અને ગ્રાઉન્ડ-માઉન્ટેડ ફોટોવોલ્ટેઈક સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે સંયુક્ત સાહસ પર હસ્તાક્ષર કર્યા હતા. JV આગામી ૧૮ મહિનામાં 500 MWથી વધુ સોલર એનર્જી પ્રોજેક્ટ્સ સ્થાપવાનું લક્ષ્ય ધરાવે છે.

# કેશોદ જુમ્મા મસ્જીદની દુકાનના ૪૦ વર્ષ જુના હિન્દુ ભાડૂતે સ્વૈચ્છાએ દુકાન ખાલી કરી મસ્જીદને સોંપી આપી

### મસ્જીદનાં ટ્રસ્ટીઓએ હિન્દુ ભાડૂતનું જાહેરમાં સન્માન કર્યુ

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૮



'ખારા સમંદરમાં મીઠી એક વિરડી'ની જેમ આજે લોકો ધાર્મિક જગ્યાની મિલ્કતો પણ પચાવી પાડતા હોય છે. ત્યારે કેશોદ જુમ્મા મસ્જીદની દુકાનના ૪૦ વર્ષ જુનાં ભાડૂત દયાલદાસ લાહોરીમલ માકડીયા જુના ભાડૂત દરજ્જે પોતાના કબ્જામાં રહેલી જુમ્મા મસ્જીદ ટ્રસ્ટની દુકાન સ્વૈચ્છાએ ખાલી કરી આપી ટ્રસ્ટીઓને સોંપી આપી હતી.

એટલું જ નહીં પોતાએ ભરવાનું થતું છેલ્લે સુધીનું ભાડું તેમજ છેલ્લે સુધીનું લાઈટ બીલ પણ ભરી આપ્યું હતું. આજના સમયમાં આવા પવિત્ર વ્યક્તિઓ પણ જીવે છે કે જેનાં સદકાર્યોની સુવાસનાં અજવાળે માનવતા ટકી રહી છે. સામા પક્ષે કેશોદ જુમ્મા મસ્જીદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મુસ્લીમ આગેવાનોએ આ સરાહનિય કાર્યની નોંધ લઈ જુનાં ભાડૂત દયાલદાસ લાહોરીમલ માંકડીયાનું સાલ ઓઢાડી જાહેર સન્માન કર્યું હતું. આ સન્માન કાર્યમાં કેશોદ સમસ્ત મુસ્લીમ સમાજનાં પ્રમુખ ઈસાભાઈ ઠેબા (દાતારી) જુમ્મા મસ્જીદના મુતવલ્લી સાહેબ નવાઝભાઈ ચૌહાણ તથા જુમ્મા મસ્જીદના તમામ ટસ્ટ્રીઓ અને મુસ્લીમ સમાજનાં આગેવાનો જોડાયા હતા.

## શ્રાદ્ધ સરિતા, શ્રાદ્ધનું મહત્વ

શ્રાદ્ધ કર્મને પિતૃ યજ્ઞ પણ કહેવામાં આવે છે. જ્યારે મનુષ્ય દેહ છોડી જીવ આત્મા સ્વરૂપે જાય છે ત્યારે તેની સૂક્ષ્મ વાસનાઓ પોતાના પરિવારજનો પ્રત્યે રહેતી હોય છે. આમ, પરિવારના મૃત્યુ પામેલા સભ્યોને તૃપ્ત કરવાની પ્રક્રિયા એટલે શ્રાદ્ધ. જેમ દેવતાઓને પ્રસન્ન કરવા માટે દેવ યજ્ઞ કરવામાં આવે છે, તેમ પિતૃઓને પ્રસન્ન કરવા માટે કરવામાં આવતા યજ્ઞને પિતૃ યજ્ઞ એટલે કે શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે.

ધાર્મિક રીતે આપણે ત્યાં શ્રાદ્ધ કર્મનું વિશેષ મહત્વ છે આપણા મૃત્યુ પામેલા સ્વજનો કે જેને પિતૃઓ તરીકે ઓળખવામાં આવે છે. તેનું ઋણ ચૂકવવાની ક્રિયા એટલે શ્રાદ્ધ. તેની પહેલી શરત શ્રદ્ધા છે. પૂર્ણ શ્રદ્ધાથી પિતૃ યજ્ઞ કરવામાં આવે તે શ્રાદ્ધ.

સનાતન ધર્મમાં આ ક્રિયાનું વિશેષ મહત્વ છે. આધુનિક યુગમાં આવી ધાર્મિક ક્રિયાઓનો વિરોધ કરવાની એક પ્રકારની ફેશન ચાલી રહી છે પરંતુ આ વિષય ઉપર વૈજ્ઞાનિકોએ પણ સંશોધન કરવાનું શરૂ કર્યું છે. તાજેતરમાં જ ઓક્સફર્ડ યુનિવર્સિટીના ગણિત અને ભૌતિક શાસ્ત્રના પ્રોફેસર સર રોજર પેનોરિસ અને એરીઝો યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક ડો સ્ટુઅર્ટ હેમોરોફે બે દાયકાના સંશોધન પછી જાહેર કર્યું છે કે, આત્મા ક્યારે પણ મૃત્યુ પામતી નથી. ફક્ત શરીર મૃત્યુ પામે છે મૃત્યુ થયા બાદ આત્મા શરીર છોડી બ્રહ્માંડમાં પાછી જતી રહે છે.

આપણા દિવ્ય ગ્રંથો શ્રીમદ ભગવત ગીતા અને ગરૂડ પુરાણ સહિતના વિવિધ ગ્રંથોમાં પણ આ વાત વણાયેલી છે. એ હવે વિજ્ઞાન દ્વારા પણ પુરવાર થઈ રહી છે. આવા સંજોગોમાં હવે વિજ્ઞાન કહે ત્યારે વાત માનવાની ફેશન ધરાવતા લોકોને પણ આ વાત માનવી પડશે. ખરેખર તો આપણા ઋષિમુનિઓ વૈજ્ઞાનિક જ હતા. તેમણે આપણને ધર્મ દ્વારા અપાયેલી ક્રિયા પ્રક્રિયાઓનો પશ્ચિમના લોકો પણ શિકાર કરી રહ્યા છે. તેનું પ્રમાણ પવિત્ર તીર્થ ગયાજી ક્ષેત્રે પિતૃ તરફ પણ કરાવતા વિદેશીઓ અવારનવાર જોવા મળે છે. માટે શ્રદ્ધાથી શ્રાદ્ધ કરી આપણા પૂર્વજોના ઋણમાંથી મુક્ત થવાની પરંપરા જાળવીએ.

-દેવેન કનકચંદ્ર વ્યાસ.

# કયું શ્રાધ્ધ ક્યારે કરવું?

| તારીખ | વાર | તિથી | શ્રાધ્ધ |
|---|---|---|---|
| ૧૮/૯/૨૦૨૪ | બુધવાર | ભાદરવા સુદ-૧૫ | એકમનું શ્રાધ્ધ |
| ૧૯/૯/૨૦૨૪ | ગુરૂવાર | ભાદરવા વદ-૨ | બીજનું શ્રાધ્ધ |
| ૨૦/૯/૨૦૨૪ | શુક્રવાર | ભાદરવા વદ-૩ | ત્રીજનું શ્રાધ્ધ |
| ૨૧/૯/૨૦૨૪ | શનિવાર | ભાદરવા વદ-૪ | ચોથનું શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ |
| ૨૨/૯/૨૦૨૪ | રવિવાર | ભાદરવા વદ-૫ | પંચમનું શ્રાધ્ધ, છઠ્ઠનું શ્રાધ્ધ કૃતિકા શ્રાધ્ધ |
| ૨૩/૯/૨૦૨૪ | સોમવાર | ભાદરવા વદ-૬ | સાતમનું શ્રાધ્ધ |
| ૨૪/૯/૨૦૨૪ | મંગળવાર | ભાદરવા વદ-૭ | આઠમનું શ્રાધ્ધ |
| ૨૫/૯/૨૦૨૪ | બુધવાર | ભાદરવા વદ-૮ | નોમનું શ્રાધ્ધ, સૌભાગ્યવતીનું શ્રાધ્ધ. |
| ૨૬/૯/૨૦૨૪ | ગુરૂવાર | ભાદરવા વદ-૯ | દશમનું શ્રાધ્ધ |
| ૨૭/૯/૨૦૨૪ | શુક્રવાર | ભાદરવા વદ-૧૦ | એકાદશીનું શ્રાધ્ધ |
| ૨૯/૯/૨૦૨૪ | રવિવાર | ભાદરવા વદ-૧૨ | બારસનું શ્રાધ્ધ, મઘા શ્રાધ્ધ, સંન્યાસીનું શ્રાધ્ધ, બાળ ભોળાનું શ્રાધ્ધ |
| ૩૦/૯/૨૦૨૪ | સોમવાર | ભાદરવા વદ-૧૩ | તેરસનું શ્રાધ્ધ |
| ૧/૧૦/૨૦૨૪ | મંગળવાર | ભાદરવા વદ-૧૪ | ચૌદશના દિવસે માત્ર અસ્ત્ર-શસ્ત્ર, અકસ્માત, આપઘાતથી મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ |
| ૨/૧૦/૨૦૨૪ | બુધવાર | ભાદરવા વદ-૩૦ | સર્વપિત્રી અમાસ, ચૌદશ -પૂનમ- અમાસ તથા જેની તિથીની જાણ ન હોય તો તેનું શ્રાધ્ધ |
| ૩/૧૦/૨૦૨૪ | ગુરૂવાર | આસો સુદ-૧ | માતામહ શ્રાધ્ધ |

નોંધ :

(૧) ધર્મસિંધુ ગ્રંથમાં આપ્યા મુજબ પૂનમનું શ્રાધ્ધ અમાસના કરવાનું વિધાન છે. સાદી સમજ પ્રમાણે મોટેભાગે શ્રાધ્ધ પક્ષ (મહાલય) ભાદરવા વદ-૧ (એકમ) થી જ શરૂ થાય. આવા સંજોગોમાં પૂનમના શ્રાધ્ધ કેમ કરી શકાય?

(૨) સૌભાગ્યવતી નારીનું અવસાન થયેલ હોય તો તેની તિથી ગમે તે હોય પરંતુ તેનું શ્રાધ્ધ નોમના જ કરવું.

(૩) ચૌદશનું શ્રાધ્ધ ચૌદશનાં નહીં પરંતુ અમાસના કરવાનું વિધાન છે. ચૌદશના અકસ્માત- આપઘાત કે અસ્ત્ર-શસ્ત્રથી મૃત્યુ પામેલાનું જ શ્રાધ્ધ થાય છે. તેની મૃત્યુ તિથી પછી ભલે ગમે તે હોય.

(૪) બાળકો કે સંન્યાસીઓ અથવા બાળા ભોળાનું શ્રાધ્ધ બારસના દિવસે થાય છે.

(૫) માતામહ શ્રાધ્ધ જે આસો સુદ-૧, તા.૩-૧૦-૨૪ ને ગુરૂવારે આવે છે. જે પુત્રી દ્વારા પોતાના માતા-પિતાને ઉદેશીને કે પિયર પક્ષના કોઈપણ સદ્ગત સભ્યને ઉદેશીને કરતા શ્રાધ્ધને માતામહ શ્રાધ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે દોહિત્ર દ્વારા નાના-નાની કે ભાણેજ દ્વારા મામા-મામી કે માસી-માસાને ઉદેશીને શ્રાધ્ધ માતામહ શ્રાધ્ધના દિવસે કરી શકાય છે. તેથી જ તેને માતામહ શ્રાધ્ધ તરીકે ઓળખવામાં આવે છે. ગુરૂડ પુરાણ, મનુ સ્મૃતિ, ધર્મસિંધુ વગેરે ગ્રંથોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે.

– દેવેન કનકચંદ્ર વ્યાસ, અંજાર (કચ્છ)

### એક વ્યકિત એક હોદ્દાના નિયમનો ઉલાળીયો કરનાર

# જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ સામે માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાનાં ચોંકાવનારા આક્ષેપો

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિસ્તૃત પત્ર પાઠવી રજુઆત કરતા જવાહર ચાવડા**

**જૂનાગઢ જીલ્લા ભાજપનાં માખળામાં તોળાતા ધરખમ ફેરફાર**





#### જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ સામેના ગંભીર આક્ષેપોનો મુદ્દો ગઈકાલે દિવસ દરમ્યાન સોશ્યલ મિડીયામાં છવાયેલો રહ્યો

ગુજરાત સરકારના માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખુલ્લો પત્ર પાઠવી અને જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ સામે ગંભીર પ્રકારના આક્ષેપો કરી અને સતત ને સતત હોદ્દાનો દુરૂપયોગ જીલ્લા ભાજપ પ્રમુખ દ્વારા કરવામાં આવી રહ્યો હોય તેમજ જૂનાગઢને પુરમાં ધકેલી દેનાર વોંકળા પરના દબાણો માટે પણ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ કારણભૂત હોવાનું જણાવી અને ભાજપના કાર્યાલયના બાંધકામમાં પણ નિયમોનો ભંગ થયાનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે ઉપરાંત જીલ્લા ભાજપ પ્રમુખ દ્વારા ઝાંઝરડા રોડ ઉપર ક્રિષ્ના આર્કેડ નામનો મોટો બિલ્ડીંગ ખોટી મંજુરી અને ખોટા બાંધકામ કરી કાયમી દબાણ કરી લીધું છે તેવા વિવિધ પ્રશ્નોને આ પત્રમાં સમાવેશ કરી અને લેટર બોંબ ફોડયો છે. માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના આ પત્રએ ભારે અફરાતફરી અને વિવાદ સર્જી દીધો છે એટલું જ નહીં માજી કેબીનેટ મંત્રીના આ પત્રને સમર્થન આપતા ખુદ ભાજપના જ વરિષ્ઠ આગેવાનોએ પણ વિવિધ ફરિયાદોનો શૂર વ્યકત કરી અને વિવાદને પરાકાષ્ઠા સુધી પહોંચાડયો છે. ગઈકાલે દિવસ દરમ્યાન સોશ્યલ મિડીયામાં આ મુદ્દો સતત છવાયેલો રહ્યો હતો. દરમ્યાન જૂનાગઢ જીલ્લાના સિનીયર આગેવાન અને પૂર્વ મંત્રી તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ ભાલાળાએ પણ નિવેદન જારી કરી અને જણાવ્યું હતું કે, પક્ષના બંધારણમાં એક વ્યક્તિ એક હોદો અને ત્રણ વર્ષની મુદત છે તેમ છતાં જીલ્લા ભાજપ પ્રમુખને વારંવાર રીપીટ કરવામાં આવ્યા છે. ત્રણ-ત્રણ હોદા એક સાથે આપ્યા હતા અને આ મામલે દોઢ વર્ષ પહેલા ભાજપ પ્રમુખ સીઆર પાટીલ અને રત્નાકરજીને પણ ફરિયાદ કરી એકના એક વ્યક્તિને રીપીટ કરી ત્રણ-ત્રણ હોદાઓ આપી પ્રદેશ નેતાઓની શું મજબુરી છે તેવો સળગતો સવાલ કર્યો હતો પરંતુ તેનો કોઈ જવાબ મળ્યો નથી અને કોઈ કાર્યવાહી થઈ નથી. સીનીયર આગેવાનોને હાંસીયામાં ધકેલી દેવામાં આવ્યા હોવાની વ્યથા પણ રજુ કરી હતી.

#### જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ પણ સ્ફોટક નિવેદન કર્યું

માજી કેબીનેટ મંત્રી જવાહરભાઈ ચાવડાએ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ વિરૂધ્ધ તેની સતાના મદમાં મનમાની અને આપખુદશાહી તેમજ ભ્રષ્ટાચાર-હપ્તાખોરીનો પર્દાફાશ કરવાના આ પત્રને પગલે જીલ્લા ભાજપના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. જયારે આ વિવાદમાં જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરત અમીપરાએ પણ ઝંપલાવ્યું છે અને તેઓએ નિવેદનમાં જણાવ્યું હતું કે, કમાઉ દિકરો સૌને ગમે છે. ભાજપનો ભ્રષ્ટાચાર ચરમ સીમાએ પહોંચ્યો છે. સતત ૯ વર્ષ સુધી જીલ્લા ભાજપ પ્રમુખના હોદ્દા પર રહી કિરીટ પટેલે અધિકારીઓને દબાવ્યા છે. સામાન્ય લોકોમાં ડરનો માહોલ ઉભો કર્યો છે એટલું જ નહીં, કિરીટ પટેલ જ્યારે ધારે ત્યારે વિસાવદર યાર્ડની ચૂંટણી લડી શકે. જયારે ધારે ત્યારે જૂનાગઢ યાર્ડની ચૂંટણી લડી શકે અને જૂનાગઢ જીલ્લો પડતો મુકી ગીરસોમનાથમાં પણ તાલાલા યાર્ડના પ્રમુખ બની જાય છે. તેમજ અસંખ્ય બોગસ મંડળીઓ બનાવી સહકારી ક્ષેત્રમાં પણ કબ્જો મેળવી લીધો છે અને જૂનાગઢ જીલ્લામાં કે ગીર સોમનાથ જીલ્લામાં કોઈ ઉચો ગજાનો કાર્યકર ન હોય અને જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે કિરીટ પટેલ સિવાય કોઈ નેતા જ ન હોય તેવી મનમાની કરી છે. માજી કૃષી મંત્રીએ વડાપ્રધાનશ્રીને જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ વિરૂધ્ધ અનેક મુદાઓને આવરી લઈ અને જે પત્ર પાઠવીને ભાજપના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડી પ્રજાની પીડાને વાચા આપી છે તે બદલ અભિનંદન પણ પાઠવ્યા છે.

#### જૂનાગઢ શહેર અને જીલ્લા ભાજપમાં વહેલીતકે સંગઠનના માળખાને બદલવા માંગ

જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ વિરૂધ્ધ અનેક રજુઆતો ઉચ્ચ કક્ષાએ થવા પામી છે. એટલું જ નહીં ભારતીય જનતા પાર્ટીના વરીષ્ઠ આગેવાનો તેમજ આ સાથે કોંગ્રેસના વરીષ્ઠ આગેવાનોએ પણ જીલ્લા ભાજપની વર્તમાન સ્થિતિ અંગેનો ચિત્તાર આપી અને તાત્કાલીક અસરથી આડકતરો ઈશારો કરી દીધો છે કે, જૂનાગઢ જીલ્લાના માળખાને તત્કાલ બદલી નાખવામાં આવે અને પક્ષના વરિષ્ઠોને સમાવીષ્ટ કરવામાં આવે તેવી લાગણી વ્યકત કરવામાં આવી છે. તો એક તરફ જૂનાગઢ જીલ્લા ભાજપના સંગઠન માળખામાં નવેસરથી બદલાવ કરવાની રજુઆતો થઈ રહી છે તો આ સાથે જ જૂનાગઢ શહેર ભાજપના માળખાને પણ બદલવાની જરૂરીયાત ઉભી થઈ છે. જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખની મુદત પૂર્ણ થઈ હોવા છતાં પણ હજુ સુધી જૂનાગઢ શહેર ભાજપના પ્રમુખ સહિતના પદાધિકારીઓ અને માળખાની નિમણુંક શા માટે નથી થતી તેવો સવાલ આજે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. શીસ્તબધ્ધ મનાતા ભાજપના શહેર અને જીલ્લાના માળખાને તાત્કાલીક અસરથી નવા વાઘા પહેરાવવામાં નહીં આવે તો આ જીલ્લામાં ભાજપ પક્ષનું નિકંદન નીકળી જશે તેવો સુર વ્યક્ત થઈ રહ્યો છે.

જૂનાગઢ તા.૧૮

ગુજરાત સરકારનાં માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વિસ્તૃત પત્ર પાઠવી જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ વિરૂધ્ધ ગંભીર પ્રકારનાં આક્ષેપો કરી રજુઆત કરતાં ખળભળાટ મચી જવા પામેલ છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ એક પત્ર પાઠવેલ છે અને આ પત્રમાં જૂનાગઢ જીલ્લા ભાજપનાં પ્રમુખપદનો તાજ સંભાળી રહેલા કિરીટ પટેલ વિરૂધ્ધ ચોંકાવનારા આક્ષેપો કરેલ છે. આ પત્રમાં માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ જૂનાગઢ શહેરની નવ વર્ષની વ્યથાની વાત રજુ કરી છે અને જણાવેલ છે કે આપણા શિસ્તને વરેલા(ભાજપ) પક્ષમાં કેટલાક નિયમો છે. જેમાં એક વ્યકિત એક હોદો અને ત્રણ વર્ષનો કાર્યકાળ છે. આ નિયમો ભાજપનાં દરેક કાર્યકર્તા-હોદ્દેદારોને સમાન લાગુ પડે છે પરંતુ જૂનાગઢ આમાં અપવાદ છે કારણ કે જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ છેલ્લા ૯ વર્ષથી હોદ્દા ઉપર છે અને આ સ્થાન પર રહી અને સતાનો દુરઉપયોગ કરીને બીજા સ્થાનો પણ મેળવ્યા છે. વધુમાં એક જ સાથે ત્રણ હોદ્દા પણ ભોગવે છે. (૧)જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ, (૨) બેન્કના પ્રમુખ, (૩)માર્કેટીંગ યાર્ડના પ્રમુખ. સતાના દુરઉપયોગનું આવું ઉદાહરણ જૂનાગઢ સિવાય ગુજરાતમાં કયાંય જોવા નહી મળે.


બે જીલ્લાના ત્રણ તાલુકાઓના યાર્ડમાં પ્રમુખપદ ભોગવ્યું (૧)તાલાળા, (૨)વિસાવદર, (૩) જૂનાગઢ. કદાચ ભારતમાં પહેલીવાર આટલું લોલમલોલ ચાલ્યું હશે અને પ્રમુખ પદની મ્યુચ્યુઅલ ટ્રાન્સફર પણ કરી(આ અસંભવ છે પરંતુ સતાનો દુરઉપયોગ પર હથોટી હોય અને ચડી બેસવાની વૃતિ હોય તો જ આ બને) આટલા બધા પદએ સતા લાલસાની પરાકાષ્ટા છે. કેટલાક તો એક સાથે ભોગવ્યા જેથી વિવિધ વિભાગો અન સ્થાનોમાં વસુલી કે હફતાખોરી કરીને ચરમસીમા વટાવેલ છે.

આ અંગે મે અને અન્ય આગેવાનો કનુભાઈ ભાલાળા, ઠાકરશીભાઈ જાવિયા, માધાભાઈ બોરીચા વગેરેએ વખતો વખત ફરીયાદ કરી હોવા છતાં પણ આપના સમક્ષ આ વાત પહોંચી નથી, કયાંક કોઈ રહેમ નજર હેઠળ દબાઈ જાય છે. આ પત્ર જાહેર એટલે કરવો પડે છે કે આપ સુધી આ વાત પહોંચે કારણ કે આ માણસની ગુનાહિત બેદરકારી અને ભ્રષ્ટાચારે આપણા પક્ષને પણ નીચું જોવુ પડે એવા કૃષ્યો કર્યા છે. આમ તો આ લિસ્ટ લાંબુ છે પરંતુ બે અક્ષમ્ય કૃત્યો જેનાથી સમગ્ર જૂનાગઢની પ્રજામાં નારાજગી અને રોષ અંગે જણાવી વધુમાં જણાવેલ છે કે, જીલ્લા પ્રમુખ હોવાના તોરમાં આ માણસે ભાજપના કાર્યાલયનું બાંધકામ પણ નિયમોને નેવે મુકીને કરેલું છે જે આપને કદાપિ સ્વીકાર્ય નહી થાય. જૂનાગઢની જનતાને અભૂતપુર્વ પુરની આફતમાં સંડોવનાર કારણોમાં એક વોકળા પરના ખોટી મંજુરી, ખોટુ બાંધકામ અને કાયમી દબાણ કરવામાં આવેલ છે. આ સમસ્યા અને પીડા એ છે કે જો ભાજપ પ્રમુખ જ આવા કૃત્યો કરે તો પ્રજાની વચ્ચે કયાં મોઢે જવું ? પ્રજાનો કેમ સામનો કરવો ? તેમ જણાવી વખતો વખત કરેલ ફરીયાદોનાં પત્રનું પણ બિડાણ કરેલ છે.

માજી કેબીનેટ મંત્રી જવાહર ચાવડાએ જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ સામે કરેલ ગંભીર પ્રકારનાં આક્ષેપોને લઈને આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.

વડાપ્રધાનને પાઠવેલા આ સીધા પત્રનાં પગલે આવનારા સમયમાં જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ સામે ગંભીર પ્રકારનાં આકરા પગલા તોળાઈ રહયા છે તેમજ જૂનાગઢ જીલ્લા ભાજપનાં પ્રમુખ પદથી લઈ ટોચથી બોટમ સુધીનાં માળખામાં ભારે મોટા ફેરફારો થાય તેવી શકયતા નકારી શકાતી નથી.

## વીજ સમસ્યા તેમજ પાણીની સમસ્યાનો કાયમી નિરાકરણ લાવવા રજુઆત





જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના મંદિરના સંકુલમાં હાલ વિજળી તેમજ પાણીની સમસ્યા હોય, જેને લઈને ઘણીવાર વીજ પુરવઠો ખોરવાવાના કારણે અંધારામાં માતાજીની આરતી કરવી પડે છે તેમજ વીજ સમસ્યા તેમજ પાણીની સમસ્યા તાત્કાલીક અસરથી નિવારવાની માંગણી કરવામાં આવી છે. અંબાજી મંદિરના મહંત મોટા પીરબાવા પૂ.તનસુખગીરી બાપુએ આ અંગે સરકારશ્રીમાં વિસ્તૃત રજુઆતો પણ કરી છે તેઓએ સરકારશ્રીને રજુઆત કરતા જણાવેલ છે કે, ગિરનાર પર્વત ઉપર પીજીવીસીએલ દ્વારા જે ૧૧ કેવી લાઈન નાખવામાં આવી છે તેનું વહેલી તકે લોકાર્પણ કરવામાં આવે. જેથી વીજ પુરવઠો યોગ્ય રીતે જળવાઈ રહે એટલું જ નહીં ગિરનાર પર્વત ઉપર આવતાં યાત્રાળુઓ કે જે માતાજીના સેવકો છે માતાજીના ભક્તો છે તેઓને પાણીની યોગ્ય વ્યવસ્થા પણ થઈ શકે તે માટે પાણીની સમસ્યા નિવારણ કરવાની પણ માંગણી કરી છે અને સમયસર જો ૧૧ કેવી લાઈનનું લોકાર્પણ કરી નાખવામાં આવે તો યાત્રાળુ માટે પાણીનો યોગ્ય પુરવઠા માટેના ટાકાઓ ભરી શકાય તેમજ નવા ટાંકા પણ બનાવી શકાય. વીજળીની સમસ્યા તેમજ પાણીની સમસ્યા નીવારવા માટેની વિસ્તૃત રજુઆતો કરી સરકારશ્રી દ્વારા આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવાની માંગણી કરી છે. જોકે, સરકારશ્રી દ્વારા ગિરનાર પર્વત ઉપર અંબાજી માતાજીના મંદિર તેમજ સંકુલમાં આગામી દિવસોમાં જ વધુને વધુ સુવિધા ઉભી થાય તેવા હકારાત્મક વલણ અપનાવવામાં આવી રહ્યા છે તે બદલ સરકારશ્રીનો પણ આભાર વ્યક્ત કરેલ છે અને વહેલી તકે વીજળીની સમસ્યા તેમજ પાણીની સમસ્યા હલ થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા પણ અંતમાં જણાવેલ છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)

## માંગરોળ પંથકમાં રહેણાંક મકાનનું તાળુ તોડી રૂા.૧.૬૮ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

માંગરોળના જુના કોટડામાં આવેલ દાનાતર વાડી વિસ્તારમાં રહેણાંક મકાનમાં ઘુસી તાળુ તોડી સોના-ચાંદીના દાગીના સહિત રોકડ મળી કુલ ૧.૬૮ લાખના મુદ્દામાલની ચોરી થયાની ફરીયાદ માંગરોળ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે રામભાઈ મેરામણભાઈ ખેરે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, તા.૧૭-૯-૨૪ના રાત્રીના ૧૨-૩૦થી ૫-૩૦ દરમ્યાન અજાણ્યા શખ્સે ફરીયાદીના રહેણાંક ઘરના ડેલામાં પ્રવેશી ફરીયાદીની પત્નીના રૂમનું તાળુ તોડી ઘરમાં રહેલ લોખંડનો કબાટ ખોલી કબાટમાં રહેલ એક તોલાની સોનાની વીંટી તથા આશરે એક તોલાની સર, કાનની બુટી તેમજ રોકડ રૂા.૮૦૦૦ મળી કુલ ૧,૬૮,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ જીલ્લામાં ૩ જુગાર દરોડાઓમાં ૧૪ જેટલા જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ જીલ્લામાં ગઈકાલે જૂનાગઢ તાલુકા પોલીસે રૂપાવટી ગામની સીમમાંથી, મેંદરડા પોલીસે માલણકા ડેમ જવાના રસ્તેથી અને શીલ પોલીસે શીલ ગામેથી ૧૪ જેટલા જુગારીઓ જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર રૂપાવટી ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા મનસુખ રણછોડ કોરાટ, વિજય બાવનજી વાઢેર, સલીમ હાસમ સમા, દિલાવર સુલેમાન સમા, હાસમ અલી સાંધ અને બાબુ લખમણ ભારાઈને રૂા.૧૦૪૦૦ના મુદ્દામાલ સાથે જૂનાગઢ તાલુકા પોલીસ ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે જયારે મેંદરડા પોલીસે માલણકા ડેમ જવાના રસ્તે જંગલમાં ઝાડ નીચે જાહેરમાં જુગાર રમતા નરેન્દ્ર હરદાસ બાબરીયા, મનહર મેણંદ પરમાર, રોહીત વિનુ માવદીયા, વેજા કારાભાઈ ઓડેદરાને ૬૩૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ તેમજ શીલ પોલીસે શીલ ગામે આવેલ સરકારી દવાખાનાની બાજુમાં જાહેરમાં જુગાર રમતા ભરત મનસુખ સગારકા, પાંચા કરશન ભરડા, પંકજ રામા ચુડાસમા, મહેશ નારણ સગારકાને ૧૫૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## વિસાવદરનાં મોટા કોટડા ગામેથી ૬૩ બોટલ દારૂ સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

વિસાવદરના મોટા કોટડા ગામે રહેણાંક મકાનની ઓસરીમાં રાખેલ ૬૩ બોટલ વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસે મોટા કોટડા ગામે રહેતા ફઈજીદ ફારૂકભાઈ સોલંકીના રહેણાંક મકાને રેડ કરતા મકાનની ઓસરીમાં જુદી જુદી બ્રાન્ડની ૬૩ બોટલ વિદેશી દારૂ ઝડપાતા પોલીસે આરોપીની અટક કરી વધુ પુછપરછ કરતા જયદીપ ભુપતભાઈ ધાધલનું નામ ખુલતા પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી : બે સામે ફરિયાદ

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢમાં ફરજમાં રૂકાવટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે બે સામે ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદ તાલુકાના નાની ઘંસારી ગામે રહેતા શૈલેષભાઈ માધાભાઈ માકડીયા ઉ.વ.૨૮ ધંધો : નોકરી, વાળાએ સાગર ધીરૂભાઈ મકવાણા, રહે.મધુરમ, મંગલધામ-૩, જૂનાગઢ તથા અજાણ્યા વ્યક્તિ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, વિવેકાનંદજીની પ્રતિમા પાસે જૂનાગઢ ખાતે બનેલા બનાવમાં આ કામના ફરિયાદી ગઈકાલે નવેક વાગ્યેથી પોતાની ફરજ પર ટ્રાફીક નિયમન અંગેની કામગીરી કરતા હતા આ દરમ્યાન આ કામના બન્ને આરોપીઓએ આવી ફરિયાદીની કાયદેસરની ફરજ પર રૂકાવટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે બન્ને વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ-ડીવી. પોસ્ટે.ના પી.એસ.આઈ. એ.એ. પરમાર ચલાવી રહ્યા છે.

## ઈમરજન્સી ૧૦૮ સેવા આશિર્વાદ રૂપ બની : એમ્બ્યુલન્સમાં જ પ્રસુતાને જરૂરી સારવાર આપી અને માતા અને બાળકને નવું જીવન આપ્યું

જૂનાગઢ તા.૧૮

આજના સમયમાં ઈમરજન્સી ૧૦૮ સેવા આશિર્વાદ રૂપ બનતી હોવાના બનાવો સતત બની રહ્યા છે. અનિવાર્ય સંજોગોમાં પણ ૧૦૮ ઈમરજન્સી સેવાના કેળવાયેલા સ્ટાફ દ્વારા યોગ્ય સારવાર પુરી પાડવામાં આવે છે. આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં પ્રસુતાની નોરમલ ડીલેવરી કરાવી અને માતા અને બાળકને નવજીવન આપ્યું છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના છત્રાસા ગામમાં વાડી વિસ્તારમાં એક



પ્રસુતા મહિલાને પ્રસુતિનો દુઃખાવો ઉપડતા વંથલી ૧૦૮ મારફતે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા હતા. આ દરમ્યાન અસહય દુઃખાવો થતો હોવાથી ઈએમટી જયદીપ નિમાવત અને પાયલોટ રાહુલ વાઘેલા દ્વારા એમ્બ્યુલન્સમાં જ ડીલેવરી કરવાનું નક્કી કરવામાં આવ્યું અને અમદાવાદ હેડ ઓફિસે દવે મેમ સાથે વાત કરી અને માર્ગદર્શન મેળવી ઈએમટી જયદીપ નિમાવતની સુજબુજથી આ મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોર્મલ ડીલેવરી કરવામાં આવી અને માતા અને બાળકને જરૂરી સારવાર આપી નવું જીવન આપવામાં આવેલ છે. આ સારી કામગીરી બદલ જીલ્લા અધિકારી અને પ્રોગ્રામ મેનેજર દ્વારા ૧૦૮ વંથલીની ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.


**ડો. રશ્મિ પી. બાલચંદાણી**
Mo. 74859 53500 B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



**:: શ્રીનાથજી યાત્રા સંઘ ::**
રેલ્વેમાં ચંપારણ, જગ્ગન્નાથપુરી, કલકત્તા (સીટી દર્શન), ગંગા સાગર, કૌર્નાફ, ભુવનેશ્વર, સાક્ષિ ગોપાલ, ચંદ્ર ભાગાબીચ, ધવલગીરી હીલ, નવેમ્બર, ડીસેમ્બરનું રેલ્વે બુકીંગ ચાલુ છે
:: કોન્ટેક ::
**સુરેશભાઈ મજીઠીયા**
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮
મો. ૯૪૨૮૬ ૯૯૭૬૩



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.બી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**
● બેરોજગારોનાં ઉકેલનો વિકલ્પ ડાયમંડ ઉધોગ...
● હજારો બેરોજગારોને રોજગારી...
● વિશ્વાસ, વફાદારી અને પ્રમાણિકતાનો મુખ્ય ધ્યેય
**જૂનાગઢ ડાયમંડ એસોસીએશન**
હરિકૃષ્ણા કોમ્પ્લેક્ષ, બીજો માળ, આંબાવાડી, જોષીપુરા, જૂનાગઢ. ફોન : ૨૬૩૨૭૧૬
વિનુભાઈ ઝાલાવાડીયા — મંત્રી
વિજયભાઈ રાણપરીયા — પ્રેસીડેન્ટ